નાનુભઈ બાપા

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[એક આદર્શ વૈદ્ય]

6.21
45

સિદ્ધિ અખંડાનંદની પ્રસાદી

ગરવું સાહિત્ય વર્ધક કાર્યાલય

કુબેર પોસ્ટ ઓફિસ પાસે આણંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ પુસ્તકોની સાહસભરી નવી યોજના

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

પ્રૌઢ શિક્ષણ માટે ઉપયોગી થાય તેવાં અને ઓછું ભણેલાંઓ પણ રસપૂર્વક વાંચી-સમજી શકે એવાં પુસ્તકોની યોજનાનાં નીચે પ્રમાણે ૧૮ પુસ્તકો હવે બહાર પડી ગયાં છે.

તમે એ પુસ્તકો વસાવ્યાં ન હોય તો આજે જ વસાવી લેવા ભલામણ છે!

- દરેક પુસ્તકની છૂટક કિંમત **દસ આના** છે.
- અઢારે પુસ્તકો સામટાં લેનારને, રૂા. ૧૧-૪ ને બદલે **માત્ર રૂા. ૧૦)માં** મળશે.
- ટપાલરસ્તે મંગાવનારે ટપાલખર્ચનો રૂા. ૧-૮ વધુ એટલે કુલ રૂા. ૧૧-૮ મોકલવા.

૧. **પ્રકાશનાં પગલાં** : (સચિત્ર) લેખક : કરસનદાસ માણેક
★ જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ

૨. **રાખની ઢગલી** : (સચિત્ર) લેખક : 'સૌજન્ય'
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ

૩. **હાસ્યતરંગ** : (સચિત્ર) લેખક : જ્યોતીન્દ્ર હ૦ દવે
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ-લેખો

૪. **જીવનની કલા** : લેખક : રવિશંકર મહેતા
★ જીવનની સફળતા માટેનું વ્યવહારૂ માર્ગદર્શન

૫. **જગતમાં જાણવા જેવું** : (સચિત્ર) લેખક : છોટાલાલ માનસિંગ કામદાર ★ જગતની અદ્‌ભુતતા અને ઉપયોગિતાનો સરળ પરિચય

૬. **જીવનપરિવર્તન** : (સચિત્ર) લેખક : 'સોપાન'
★ જીવનપલટાની એક કરુણ-મંગલ સળંગ વાર્તા

અનુસંધાન માટે જુઓ ટાઈટલ પાન ૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

નાનભટ્ટ બાપા

[એક આદર્શ વૈદ્ય]

ॐ ऋते ज्ञानान्न मुक्तिः ॐ
पुस्तक सं० ४३ ग/१
आगत सं० २२३१३
तिथि० २८-३-१९७४
डॉ. रसिकलाल नगीनदास ग्रंथालय कॉगडो.
CHECKED 1973
स्टाक प्रमाणीकरण १९७४-७५

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠેઃ ભટ્ટ પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

સુધારેલી આવૃત્તિ બીજી :: પ્રત ૫૫૦૦

ત્રણ આના

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Vishwavidyalaya, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ૐ

पुस्तक-संख्या

पंजिका–संख्या २२३१३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

ક્રમ		
૧	શ્રમ	
૨	તદ્દન	
૩	અનુ	
૪	દેવું	
૫	નિષ્ઠ	
૬	રોગ	
૭	પશ્ચ	
૮	પ્રત્યક્ષ	૮૬
૯	ઘડપણમાં પણ શિષ્યવૃત્તિ	૨૫
૧૦	જયાશંકરભાઈને ત્યાં	૨૭
૧૧	પુસ્તક-પ્રેમ ...	૨૯
૧૨	ગુલામી જેઇતી નથી	૩૧
૧૩	વડીલપણું	૩૨
૨૨	પોપાક	૫૨
૨૩	ખોરાક	૫૩
૨૪	કાશીયાત્રા ...	૫૬
૨૫	શિષ્યો	૫૮
૨૬	સ્વર્ગવાસ	૬૧

આદર્શ વૈદ્ય

(૧) વૈદ્ય એટલે સત્ય બોલનાર, નિર્લોભી, મોટા મનવાળો, વ્યસનરહિત અને મિલનસાર સ્વભાવવાળો. –સુશ્રુત

(૨) દરદી સાજો થતો હોય, તો કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના પ્રાણ પાથરનાર પુરુષ, તે વૈદ્ય. –ચરક

(૩) જેનામાં માનવપ્રેમ અને વિદ્યાપ્રેમ હોય તે જ વૈદ્ય. –ડૉ. ન્યૂમન

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ–અમદાવાદ (સં. ૨૦૦૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિચય

શ્રી૦ નાનભટ્ટ અંબારામ ભટ્ટ કાઠિયાવાડમાં 'નાનભટ્ટ બાપા' અથવા 'ગઢડાવાળા વૈદ્ય' અથવા 'હરડેવાળા વૈદ્ય' એ નામે ઓળખાતા. વારસામાં જ વૈદું મળેલું. તેર વર્ષની વયે ચાંદોદ-કરનાળીમાં તેઓ સંસ્કૃત શીખવા ગયા. અઢારમે વર્ષે વતનમાં પાછા ફર્યા. વેર આવ્યા બાદ, તેમણે વેદ-ઉપનિષદનો અભ્યાસ કર્યો અને તેઓ શંકર-મતના ચુસ્ત અનુયાયી બન્યા. ત્રીસ વર્ષની વયે તેમણે 'પણ' લીધું, કે કોઈ પણ દરદી પાસેથી પૈસો ન લેવો. મરણ પર્યંત તેમણે વૈદ્યનો અને બ્રહ્મજ્ઞાનનો અભ્યાસ ચાલુ જ રાખ્યો. તેઓ જીવ્યા ત્યાં સુધી જે કોઈ વૈદું શીખવા આવે, તેને તે મફત શિખવાડી, ધનિકો મારફત સ્વાસ્થ્ય-સૂત્રો છપાવડાવી તેમનો મફત પ્રચાર કરી, આયુર્વેદવિદ્યાને-ખાસ કરીને કાઠિયાવાડમાં તો-ઘરગથ્થુ કરી મૂકી. વૈદ્યમાં એકલી દવા જ નહિ, વાઢકાપ પણ તેઓ કરતા. કાશીના રાજાનો મોતિયો તેમણે જ ઉતારેલો. સ્થિર દવાખાનું તેમણે જિંદગીમાં કોઈ દિવસ ચલાવ્યું નથી. ફરતી લાયબ્રેરીની માફક તેઓ ચાર-ચાર આઠ-આઠ માસ બહાર જ હોય. કેટલાંક કુટુંબો તો મહિનાઓ સુધી તેમને પોતાના ઘરમાંથી બહાર જ ન જવા દે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીકથી કે કદાચ કોઈ જુએ તો બીજે ગામ ખેંચી જાય, તેથી તેમની જેટલી ટપાલ આવે તે જતી વખતે જ આપે, ત્યાં સુધી તો તે બધી ટપાલ સંઘરી જ રાખે; આવી હોહચુંબક જેવી પ્રકૃતિનું મુખ્ય કારણ શુદ્ધ આયુર્વેદની સાચી ઉપાસના.

કાઠિયાવાડના ઘણાખરા રાજાઓ તેમની જ દવા કરતા; તેથી તેમને 'રાજવૈદ્ય'નો ખિતાબ મળેલો અને ભાવનગરના રાજાએ જમીન પણ આપેલી. આજે પણ કાઠિયાવાડના રાજા-મહારાજાઓના દિલમાં નાનભટ્ટ બાપાની છાપ, શાસ્ત્રના સિદ્ધાંતોનું એક કડક પાલન કરનાર, 'પથ્ય'ને જ સાચી દવા ગણનાર, વિદ્યાના અર્થીને સર્વસ્વ આપી રાજી થનાર અને 'હરડે'ના પ્રચારક તરીકેની ઊંડી કોતરાયેલી છે. સત્યાશી વર્ષની વયે તેમનું મરણ થયું.

આવા નિઃસ્પૃહી, બ્રહ્મજ્ઞાની, શ્રમજીવી અને દયાળુ વૈદ્યના થોડાક પ્રસંગો મારા કાઠિયાવાડમાંના અભ્યાસ દરમ્યાન સાંપડ્યા છે. આશા છે, કે તેમના જીવનમાંથી વૈદ્યો તેમ જ બીજાઓને ઘણું જાણવા-જેવું તત્ત્વો મળશે.

૨૩, રામબાગ,
મણિનગર

રસિકલાલ જેઠાલાલ પરીખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનભટ્ટ બાપા

૧ : શ્રમજીવીપણું

તાર આવ્યો અને હું નાનભટ્ટ બાપાના શિષ્ય વૈદ્યરાજ મગનભાઈ મણિશંકરને જોવા આટકોટ ગયો.

'ભાઈ, ક્યાંથી આવો છો?' ગામલોકોએ પૂછ્યું.

'ગઢડાથી.' મેં જવાબ આપ્યો.

'ત્યારે તો નાનભટ્ટ બાપાને ત્યાંથી?'

'હાજી.'

તરત જ ગામના અગ્રગણ્ય ગૃહસ્થ રા૦ મોદીએ મને પોતાને ત્યાં લઈ જઈ વાત આદરી.

'તમે તો મોટરમાં આવ્યા, પણ બાપા તો જસદણ સ્ટેશનથી એક હાથમાં બાંડણી અને બીજા હાથમાં બરલ લઈ આઠ માઈલ ચાલીને જ આવે. આવતાંવાર જ જે કંઈ નવું શીખી લાવ્યા હોય, તે સર્વ પોતાના શિષ્યોને ગામમાં ફરીફરી કહી આવે; ત્યાર-બાદ જ પાણી પીએ. પોતે સમજેલા સિદ્ધાંતો બીજાને બરોબર મગજમાં ઉતારે, ત્યારે જ સંતોષ મળે.'

બાપાના જ વિચારની વાતમાં હું મગનભાઈને ઘેર પહોંચ્યો. ત્યાં તેમના ભાઈએ વાત માંડી: 'મારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનો ભાઈ વનમાળી હાલ જામનગર ભણે છે. તેને મુદતિયો તાવ આવ્યો. બાપાએ ત્રીસ લાંઘણ કરાવ્યાં. ઉકાળીને ઠારેલા પાણી વિના કંઈ પણ આપવાનું નહિ. છેલ્લે દિવસે મારી બાએ તેને એક બપૈયાની ચીરી આપી. બાપાને બબર પડી, કે તરત જ ગાંસડાં-પોટલાં લઈ ગામ છોડી ચાલતી પકડી.'

પથ્ય-કુપથ્યનું મહત્ત્વ સમજનાર આવી બીજી કઈ વ્યક્તિ હશે?

ભાઈએ વાત આગળ ચલાવી: 'પણ, મણિ-શંકર પર બાપાનું હેત ઘણું. હેતમાં દવા કે પૈસા નહિ આપવાના; પણ રસિકભાઈ! આવો તો!' એક હોલમાં લઈ જઈ મને લગભગ હજાર-દોઢ હજારનાં પુસ્તકો બતાવ્યાં.

'બસ, આ નાનભટ્ટ બાપાના હેતની પ્રસાદી. એક તો જે કંઈ નવું શીખે, તે પ્રથમ જ કહી દે, બરલ વગેરે વૈદ્યના ધંધામાં ઉપયોગી સાધનો વસાવી આપે અને વૈદ્યકનું જે નવું પુસ્તક બહાર પડે, તે તરત જ બરીદી વાંચવા આપે.' આ પ્રમાણે વાત ચાલતી હતી, તેટલામાં જ પાસે બેઠેલા એક ભાઈએ વચમાં ઉમેર્યું: 'અરે ભાઈ, નાનભટ્ટ બાપાની વાત તમે શી કરો છો? આવે કે તરત જ બબર પૂછી લે, કે ગામમાં કોણ-કોણ માંદું છે. જાણ્યા બાદ એ સર્વને ત્યાં તપાસ કરી આવી, જે ચીંધવાનું હોય, તે ચીંધી આવે, તેમની જ્યાં ભૂલ થઈ હોય તે બતાવી આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શું ખાવું, શું ન ખાવું તે સમજાવે. ત્યારબાદ ગામમાં તેમનો જે શિષ્ય હોય તેને સમજાવી પોતાના બધા દરદીઓ તેને સોંપે અને ચોકસાઈથી બરોબર સમજણ પાડે.'

'દવા કર્યાનો કોઈનો પૈસો લેવાનો જ નહિ?' વાર્તાની વચમાં મેં પ્રશ્ન કર્યો.

'ના, ભાઈ! નિદાન કરી દે અને ચિકિત્સાના શ્લોક તો કંઠસ્થ, એટલે જે કાઢો, પાચન ગોળીઓ વગેરે ચીંધવાનું હોય તે મોઢેથી જ ઉતરાવી દે.'

૨ : તદ્દન નિઃસ્પૃહી

'જમવું શિષ્યને ત્યાં અને એક ગામથી બીજે ગામ જવું હોય, ત્યારે ગામલોક પાસેથી ગાડીભાડું મોઢેથી માગી લે અને ગાડીભાડા ઉપરાંત એક પણ પૈસો વધારે હોય, તો તે પાછો આપી દે.'

પાસે બેઠેલા બીજા એક ભાઈ એ વાતને લગતી ટાપસી પૂરી આગળ ચલાવ્યું.

"પણ અમારા જ ગામમાંથી અમદાવાદ જવાના ગાડીભાડાના પૈસા આપ્યા. રસ્તામાં પૈસા કયાંક પડી ગયા. તરત જ બાપા પાસેના ગામમાં જઈ એક ભાઈને લાંબા ગાળાથી તાવ આવતો હતો. ત્યાં પહોંચ્યા. વાતજ્વર હતો. તેને સાત લંઘન કરાવી ઊનું પાણી પાયું. (ખૂબ ઉકાળી કાર્યા બાદ સહેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહેજ કોકરવરાયું ઊનું પાણી બાર કલાકમાં સારા ય શરીરમાં પહોંચી જાય છે; તેથી વાયુમાં જે શોષ પડે છે તે પડતો નથી. ઠારેલું પાણી દોઢ કલાકે શોષાઈ પોષણ મળે છે તેટલું મોડું પહોંચે છે. તદ્દન ઠંડું અને ગોળીનું પાણી ત્રણ કલાકે પહોંચે છે; તે પચવામાં ભારે છે, પોષણ મળતું નથી અને તરસ છિપાતી નથી.) આઠમે દિવસે દાળનું પાણી ૨ તોલા આપી, તાવ ઉતાર્યો. તાવ ઊતર્યા બાદ દરદીએ કહ્યું: 'બાપા, ફી કેટલી આપું?'"

'અમદાવાદ સુધીનું ભાડું આપ.' બાપાએ જવાબ આપ્યો.

બીજે ગામ જઈ શું કરવું, તેનો ખ્યાલ નહિ. માન શબ્દ જ તેમના શબ્દકોષમાં ન મળે. વાત ફક્ત રોગ મટાડવાની જ.

જે રોગ તેમની જાણમાં ન હોય, તે રોગની ભાવપ્રકાશ, ચરક, સુશ્રુત વગેરે સર્વ ગ્રંથોમાંથી પૂર્ણ માહિતી મેળવી, તેને ત્યાં જઈ સર્વ બાજુથી સમજાવે.

આટલું બધું કર્યા છતાં ગાડીભાડા સિવાય કંઈ જ ન લેવું. જમવું પોતાના શિષ્યોને ત્યાં.

રાતના લગભગ આઠ વાગ્યા અને શ્રી. મોદી સૂવા માટે મને તેડવા આવ્યા. હું ત્યાં જે પથારી તેમણે પાથરેલી ત્યાં સૂતો. મોદીએ કહ્યું: "ભાઈ! આ જ કોટડીમાં ગુંદાળાના રેવન્યુ પટેલ પરસોતમ ભૂરા જેમને દમનો વ્યાધિ હતો, તેમને બાપાએ અઢાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંઘણ કરાવેલી; પણ ઓગણીસમી લાંઘણે તેના સગા-વહાલા આવ્યા અને બોલ્યા: 'કોડીએ જર ઘણી અને આ લાંઘણ શી ?' ''

'અરે ભાઈ! પણ આ તે કાંઈ ધાનની કોઠી છે કે પરમાત્માને રહેવાનું ઘર છે ?' બાપાએ સંભળાવ્યું.

પણ પટેલે માન્યું નહિ. લાંઘણ છોડી ને વ્યાધિ ઊભો જ રહ્યો.

સવારે હું ઊઠ્યો અને હરડે માગી, ત્યારે તેમણે કહ્યું: "અમારા ઘરમાં નાનાથી માંડી મોટા સુધી સૌ સવારમાં દાતણ કર્યા પછી પહેલું જ કાર્ય હરડે ખાવાનું કરે છે અને એ બાપાના સત્સંગનો જ પ્રતાપ છે. હજી બાપાની એ શિખામણ મને યાદ છે, કે 'ચોરી કરીને પણ પાવલીભાર હરડે ખાવાનું ભૂલવું નહિ. ખાવાનું ન મળે, તો પરવા નહિ.'''

વળી તેઓ હરડેનાં ઘણાં વખાણ કરતાં. હરડે પથ્ય છે, તે સર્વ રોગોનો નાશ કરે છે, વાત, પિત્ત કફના દોષોને ઉખાડી ફેંકી દે છે, ઇંદ્રિયોને પુષ્ટ કરે છે, વર્ણની કાળાશ વાયુને લીધે છે, હરડે વાયુનું અનુલોમન કરે છે; તેથી વર્ણ સુધરે છે એટલે કાળાશને બદલે ગોરાપણું આવે છે. તે આયુષ્યને વધારે છે; તે બુદ્ધિ વધારનાર છે, ઝાડા-પેશાબની યથાયોગ્ય છૂટ કરે છે. હરડે એકંદર સર્વ રોગોનો નાશ કરનારી છે.

માટે જીવવું જ હોય તો હરડે ખાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ : અનુભવની મહત્તા

બાપાએ પ્રભાશંકરભાઈને પૂછ્યું : "હેં ભાઈ! તમને મધુપ્રમેહ મટાડતાં આવડે છે કે?"

'હા બાપા! હરડે, સુવર્ણમાક્ષિક, શિલાજિત અને પથ્ય પળાવીએ, તો મટી જાય, તેમાં શું છે?' પુત્રે ઉત્તર આપ્યો.

"ચોપડીઓનું એવું જ્ઞાન તો અમે મોઢે બોલીએ છીએ; પણ શાસ્ત્રમાં લખ્યા મુજબ નિર્વિઘ્ને કેટલા દરદીઓનો પ્રમેહ તમે મટાડ્યો?

"તમે જો પાંચ કેસ પણ તેના મટાડ્યા હોય તો તો કહીએ, કે ભાઈ, તમને આવડે છે. પોથાં એકલાં ભણ્યે શું વળે?

"અનુભવ વિના મોટા પદવીધારી ડૉક્ટરોને પણ બે–ત્રણ વરસમાં જ તેમનાં ફર્નિચરનું લિલામ કરવું પડે છે; માટે હજારો દરદીઓના સંપર્કમાં આવો, તેમનું જ્ઞાન મેળવો, રોગ મટાડો, પછી કહો, કે 'આવડે છે.'"

"શાસ્ત્રમાં લખ્યા મુજબ બોલી જાવ તે તો ઠીક છે, પણ તે પ્રમાણે બરોબર દર્દ મટી જાય, ત્યારે 'આવડ્યું' કહેવાય. ચોપડીમાં પચીસ બેડાં પાણી લખ્યું હોય; પણ નીચોવીએ તો ટીપું ય ના નીતરે, તો તે પાણીનો શો ખપ? વિદ્યા વાંઝણી ન હોવી જોઈએ."

પ્રભાશંકરભાઈને બાપાએ કહ્યું: 'ભાઈ! તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્વાન નથી.'

આ સાંભળી બાપુજીની આંખમાંથી અશ્રુ પડ્યાં: 'કેમ ભાઈ રડો છો? હવે કોઈ દી નહિ કહું, કે તમે વિદ્વાન નથી.'

'પણ બાપા! આ મારી ડોક વાંચી-વાંચી ગોખી-ગોખી વાંકી થઈ ગઈ. રાત-દી ભણ્યા જ કરું છું, લૂખું ખાઉં છું. દૂધ-ઘી ભણવામાં આળસ આવે તે સારુ ખાતો નથી; તો ય તમે કહો છો કે વિદ્વાન નથી.'

'એમ તો આજે મોઢે આખાં પોથાં બોલનારા ઘણા છે; પણ જેમ આ કેરોસીનના દીવાને બીજા દીવાની દિવેટો અડકે ત્યાં તે ચેતી જાય છે, તેમ તમારા સંસર્ગમાં આવતા માણસો વૈદ્ય થઈ જવા જોઈએ ને!

'મારી પાસે માણસ રહે તો તે એક મહિનામાં જ વૈદ્ય થાય છે, જ્યારે તમારાથી થતા નથી. એટલે-

'જો તારા સંગનો રંગ ન લાગે, તો તું વૈષ્ણવ કાચો જ રે.

'હવે તું જ કહે, વિદ્વાન તને કહેવાય?

'તારા લોહીમાં જ જો વૈદું પચી ગયું હોય, તો જ હું કહું છું, તેમ હજારો વૈદ્યો તારાથી પાકે-

'એવું હોય તો વિદ્વાન કહું; પણ બનતું બધું જ કરીએ; હવે શું ઇલાજ?

'જેવો ત્યાં સુધી અભ્યાસ કરો અને આચરણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકો તે જ ઇલાજ. અભ્યાસથી ઋષિ થવાય, વૈદ્ય થવાય, કવિ થવાય. વૈદ્ય અને કવિ જન્મથી જ હોય તે ખોટું.'

૪ : દેવું કોણ કરે?

નિંગાળા સ્ટેશનથી નાનભટ્ટને ગઢડા આવવું. ખિસ્સામાં ચાર જ રૂપિયા હતા. બળદગાડીવાળાએ ચોમાસુ હતું એટલે પાંચ રૂપિયા માગ્યા; નહિતર નિંગાળાથી ગઢડા આઠ જ આના લે.

"અરે, એમાં શી મોટી વાત છે? પરમાત્માએ પગ આપ્યા છે તે ચાલી નાખીશું. એ પાછું વેર જઈને એક રૂપિયો પ્રભુ પાસે કોણ માગે?"

"બાપા, આટલું બધું ચાલીને અત્યારે કેમ આવ્યા?" પ્રભાશંકરભાઈએ ભ્રમિત જણાતા પિતાજીને પૂછ્યું.

'એક રૂપિયો ઓછો હતો.' બાપાએ જવાબ આપ્યો.

'અરે! પણ અહીં આપણે વેરથી આપી દેવાત.'

"પણ દીકરા પાસે કંઈ ભીખ મંગાય છે! ચાર જ રૂપિયા ખિસ્સામાં હતા અને બાકી પાંચ રૂપિયા; એટલે એક રૂપિયાનું દેવું કોણ કરે? દેવું કરવું તેના કરતાં પોતે દુઃખ વેઠવું સારું."

સાઠ વર્ષની ઉંમરે પણ વીસ-પચીસ માઈલ ચાલવું તેમને મન રમત હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ : નિષ્ઠા

ગામનું ઘરેઘર બળિયા ટંકાવે અને પોતે વૈદ્ય હોવા છતાં પણ ન ટંકાવે,* એ આર્ય સંસ્કૃતિ પ્રત્યે કેટલી બધી નિષ્ઠા આ માનવીમાં હશે, એમ હું વિચાર કરતો હતો; તેટલામાં જ કંકુ ડોશીએ કહેવા માંડ્યું:

'આ મારા કનુને પાંચમે મહિને ચણા જેવડા દાણા આખા દિ' નીકળેલા.'

'બા! તેને પણ રસી નહિ મુકાવેલી?' મેં આતુરતાથી વચમાં પૂછ્યું.

"ભાઈલા! ઈ તમારા બાપુજીએ મને અઢાર

---

*-બ્રિટિશ પાર્લામેન્ટે તા. ૬ઠ્ઠી નવેમ્બરે નેશનલ મેડિકલ સર્વિસ બિલ પસાર કરી 'વેકસીનેશન ઍક્ટ'માં ધરણમ સુધારા કર્યા છે. આ સુધારા પછી ઈંગ્લેન્ડના કેટલાક નામાંકિત ડૉક્ટરોએ હિંદુસ્તાનની પ્રજાને એક ખાસ વિનતિ કરી છે. તેમાં તેમણે જણાવ્યું છે, કે ઈંગ્લેન્ડે છેલ્લા એકસો વરસ બળિયાની રસી મૂકી-મૂકીને આખી પ્રજાને પારાવાર હાનિ કરી છે. હવે હિંદુસ્તાન એ ભૂલ ફરીથી ન કરે તે માટે કોંગ્રેસી સરકારોને વિનતિ કરીએ છીએ, કે બળિયાનો રોગ અટકાવવા કે મટાડવા માટે બાળકોને કે મોટાઓને રસી ન મૂકશો. હિંદુસ્તાનની પ્રત્યે એક પડોશીનો ધર્મ બજાવવા માટે અમે અમારો સારો અનુભવ તમારી સમક્ષ રજૂ કરીને તમને સાચી દિશામાં માર્ગદર્શન કરીએ છીએ; અને શ્રી. જે બી. રવાનના લખેલા 'ધી વેકસીનેશન પ્રૉબ્લેમ' એ નામનું પુસ્તક લાગતાવળગતાને વાંચી જવાની ભલામણ કરીએ છીએ. —પ્રજાબંધુ, તા. ૩૦-૩ '૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંઘન કરાવેલી. એક ગરમ કરીને ઠારેલા પાણી સિવાય કંઈ જ ન આપે. બાઈએ નહિ એટલે દૂધ તો શાનું જ આવે; એટલે બિચારા કનુને પણ લંઘન જ હતી. ૧૦–૧૨ દિવસ તો તેને ધવડાવવાનું પણ બંધ."

'ત્યારે રસી ટાંકવી, પોટાસ પર્મેંગ્નેટથી ધોવું, ગરમી માપવી; આ બધું પાખંડ હશે!'

'અરે, પણ એ બળી-ફૂળી આજ લગી ઘરમાં જ ગરી નથી.' બાએ ઉમેર્યું:

એટલામાં જ કનુભાઈ બહારના ઓટલે તેમના ભાઈબંધને સંભળાવતા હતા, કે 'આ રસિકભાઈ સુતા છે, ત્યાં પહેલાં લાયબ્રેરી હતી અને કબાટનાં બારણાં–એથે કોઈને બબર પણ ન પડે, તેમ બાપા બેઠાબેઠા ચોપડી છાતી ઉપર હોય તેમ બેસતા, એવું હજી પણ મને યાદ છે.'

હું એકદમ બારણાં પાસે આવ્યો અને કનુ-ભાઈના મિત્રને પૂછ્યું: 'ભાઈ! તમને એ બાપાની ઓળખાણ બરી?'

"ભાઈલા! એક દિ' વઢવાણથી એક બ્રાહ્મણના દીકરાને સાથમાં લાવેલા. માથા પરના મોવાળા વડલાની વડવાઈએ–ગોટે વણાઈ ગયેલા. તેને બાપાએ હજામત કરાવી માલિશ કરી ગરમ પાણીથી નવરાવી નવાં કપડાં પહેરાવ્યાં.

"બે દિવસ પોતાને ઘેર રાખ્યા બાદ આ માનવપ્રેમના ઉપાસકે એ છોકરાને ત્રીસ રૂપિયા, પાંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેર હરડે અને ચાર વાનાંનું (સૂંઠ, સિંધાલૂણ, જીરું અને હિંગનું) પાચન આપીને કહ્યું:

'બેટા! તારા ગામમાં મકાન રાખજે અને જે દરદી આવે, તેને સવારમાં હરડે અને જમ્યા બાદ ચાર વાનાંનું પાચન એમ શરૂઆત કરી દે; ફરીથી આવીશ, ત્યારે તને રોગ અને પથ્યાપથ્ય અંગે થોડું હું સમજાવીશ.'

'વરસમાં ચાર-પાંચ આંટા આવીશ, ત્યાં તો તને અધું વૈદું આકડું આવડી જશે; પણ હું બતાવું તેટલા ઉપર મહેનત કરતો રહેજે. થોડા દિ' બાદ આવીશ, ત્યારે તારા મકાનનું ભાડું આપી દઈશ. મુઝાઈશ મા! તારા જેવું વૈદું તો કોઈનેય આવડતું નથી, પણ જીવે ત્યાં સુધી વૈદું કરજે.'"

રાત્રે હું જૂને ઘેર જમવા ગયો, ત્યારે સવાર-ની વાતને લગતી સામેના મેડા ઉપરની બારીથી બાપુજીનાં ભાભીએ બળિયાની વાતમાં પોતાનો અનુભવ ઉમેર્યો:

"પણ યાદ રાખજે, મારી દીકરી છે એવી ને એવી જ પાછી લઈશ; જો તેને કંઈ પણ થયું તો ભાભી, તું જ જવાબદાર છે. હાં, બબલીને જોજે કંઈ થયું તો!"

'એમ ભાઈલા! પ્રભુ મને ધમકી આપતો. દીકરીને માતા નીકળેલાં, એટલે તેને પણ લાંઘણ કરાવેલી. બિચારી સાત વર્ષની દીકરીને ૧૦ લાંઘણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ મને દયા આવી અને મેં છાનું માનું મગનું પાણી આપ્યું.

'બીજે જ દહાડે જે બળિયાના દાણા સુકાઈ ગયેલા, તેમાં જ ઝીણા-ઝીણા દાણા દેખાયા.'

"તું ભાભી બોટું બોલે છે. બબડાવ્યા વિના ત્રણ કાળમાં આ દાણા ફરીથી નીકળે જ નહિ." બાપુજીએ રાડ નાખી.

"સમજતી નથી, કે છોકરીનો અગ્નિ મંદ છે અને બાવા આપીએ, તો બાયેલા બોરાકનો રસ પાકો ન થાય, કાચો રહે. કાચો રસ નાડીઓમાં ચઢે, માતા નીકળે અને ઊછરીપાછરી મોંઘી દીકરી બિચારી મારી જાય."

'પણ અમને શી ખબર, કે અગ્નિ મંદ છે કે તેજ; અને મંદ હોય તો રસ કાચો થાય અને મોત આવે?'

'પણ હવે તો બબર પડી ને? વૈદ્ય બિચારો શાસ્ત્રનું નય સત્ય કહેતો હોય, તોય તમારે તો લોકકથન અને પદવીધારી ડોકટરો આગળ વેદું પાણી ભરે છે.'

'ભાઈલા! હું સમજી ને બીજી પાંચ લાંઘણ કરાવી. એકેએક શીળી દાણાના ભૂકા નીકળી ગયા; પછી માતા આવ્યાં જ નથી.'

પાટલા ઉપરથી ઊઠી નવા મકાન (ધન્વંતરી ભવન) તરફ જતાંજતાં, હું વિચાર કરતો હતો, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ડૉકટરના છોકરાને રોગ થાય, તો તરત જ બીજા વૈદ્ય-ડૉકટરની દવા માટે દોડે, જ્યારે અહીં તો એટલી બધી નિષ્ઠા, કે માતા નીકળ્યાં માટે આમ અથવા કાચો રસ જ જવાબદાર છે, તેને પાકો કરવા લાંઘણ કરાવવી જોઈએ અને માતાને ભાગી જ જવું પડે.

ધન્ય ! આ આર્ય સંસ્કૃતિના રખેવાળોને !

૬ : રોગ અને ચિકિત્સા

'બાપુજી ! આ બધું વૈદું તમને નાનભટ્ટ બાપા-એ જ શિખવાડ્યું હશે ?'

"ના, ભાઈ! વરસ-વરસ લગી બાપા બહારગામ જ હોય. કોઈ અને કોઈ તેમની શોધમાં હોય જ; હાથ જ ન આવે ને !

"માંડ અઠવાડિયું ઘરે આવે, ત્યાં તો ઘણાં કામ હોય; પણ જ્યારે આવે, ત્યારે શિખવાડતા જાય, કે—

તાવ—તાવ આવ્યો હોય ને ચઢતોઊતરતો હોય, તો દવા કરવી : મેલેરિયા-હરડે-કિરાતાદિ કાઢો.*

તાવ અણઉતાર હોય તો લાંઘન કરાવવી; અને ૧ ઉકાળીને માટીના વાસણમાં ઠારેલું પાણી

---

* કિરાતાદિ કાઢોઃ—કડું, કરિયાતું, ગળો, લીમડાની અંતરછાલ, વાવડિંગ, ખડસલીઓ, પિત્તપાપડો, હીમજ, સૂંઠ, પીપર, નાગરમોથ સરખા ભાગે લઈ, ૨ તોલા ભૂકો ૧ શેર પાણીમાં ઉકાળી, ૫ તોલા પાણી બાકી રહે એટલે ઉતારી, રોજ સવારમાં પીવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સવારનું ઊનું કરેલું સવારે અને સાંજનું ઊનું કરેલું સાંજે; સવારનું સાંજે નહિ અને સાંજનું સવારે નહિ;) પીવા આપવું.

૨ તાવ ઊતરે ત્યાં સુધી ઉપવાસ કરાવવા.

૩ પવનની આવ-જા ન હોય તેવા ઓરડામાં સૂવું.

૪ જાડું તથા ભારે ઓઢવું.

૫ ધૂંફાળી પથારીમાં સૂવું.

ઝાડા—૧ ઝાડો પાણીમાં દૂબતો હોય, તો તે તરે ત્યાં સુધી લાંઘણ કરાવી, પાવલીભાર સૂંઠ રોજ આપવી.

૨ ઝાડો પાણીમાં તરતો હોય, તો સૂંઠ આપવી, છાસ આપવી, હલકો ખોરાક આપવો.

ગ્રહણી—ખાટી છાશ આપવી.

મસા—નિયમિત હરડેનું સેવન અને છાશ, ભાત-સૂરણ લસણ-આદું જેવા અગ્નિવર્ધક પદાર્થો લેવા.

અજીર્ણ—લાંઘન કરાવવી અને ઉકાળીને ઠારેલું પાણી પાવું.

કોલેરા—લીંબુનો રસ જ ખૂબ પીવો; કોલેરામાં પાણી પીવાય નહિ; માટે રસમાં પાણી ઉમેરવું નહિ.

અલસક (ખોરાક આળસ કરીને હોજરીમાં પડી રહે તે)—લસણનો છૂટથી ઉપયોગ કરવો.

કરમિયાં—રોજ નાનાં છોકરાંને બે આનીભાર ને મોટાંને પાવલીભાર વાવડિંગની ફાકી ખવડાવવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડુ—પાણી ઓછું પીવું. ગૌમૂત્ર ૨ શેર અને રોજ પાવલીભાર હરડે; હલકો ખોરાક લેવો.

કમળો—ગૌમૂત્ર અને વિરેચન કરે તેવા પદાર્થ લેવા.

રક્તપિત્ત—અરડૂસીનો રસ રોજ ૧૦થી ૨૦ તોલા પાવો ને હલકો ખોરાક આપવો.

ક્ષય—બકરીનું દૂધ, દહીં, અરડૂસી અને સોનું.

છાતીનું ચાંદું—અરડૂસી.

ઉધરસ—લવિંગ.

આંસી—ભોરિંગડીનો ક્વાથ લેવો.

હેડકી—પીપર ૧ વાલ જેટલી મધમાં સવાર-સાંજ ચાટવી.

દમ—સૂંઠ ૧ તોલો, ક્ષારંગમૂળ ૨ તોલા, ૧ શેર પાણીમાં ઉકાળી, ૫ તોલા પાણી બાકી રહે એટલે ઉતારીને પી જવું. હરડેનું રોજ સેવન કરવું અને કફનાશક પથ્ય પાળવું.

ઘાંટો બેસવો—લવિંગ, ગળામાં શેક, આદું, અરડૂસીનો રસ લેવો.

અરુચિ—હલકો, પથ્ય અને રુચિકારક ખોરાક લેવો.

ઊલટી—મમરા લેવા.

બેભાની—પવન, પંખો અને ઠંડું પાણી.

દાહ—ઘી, માલિશ.

ઉન્માદ (ગાંડપણ)—દૂધભાતનો ખોરાક, રોજ હરડે લેવી અને જમ્યા પછી એક-એક આનીભાર ઘોડાવજની ફાકી લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાઈ—વચાદિ ચૂર્ણ અને દૂધભાતનો ખોરાક લેવો.

વાયુના રોગો—ગૂગળ, રાસ્નાદિ કાઢો લેવો.

પત્ત—ગળોનો ક્વાથ, દિવેલ, મીઠું બિલકુલ બંધ.

ઉરૂસ્તંભ (કેડથી નીચેના ભાગના લકવામાં)—રૂક્ષ ખોરાક લેવો, શેક કરવો.

પક્ષાઘાત (લકવો)—એરંડાનું મૂળ, બળદાણા અને અડદનો ક્વાથ; વાયુવિરોધી ચિકિત્સા કરવી.

આફરો—હરડે.

ઉદાવર્ત (વેગો રોકવાથી થતા રોગોમાં)—હરડે.

ગોળો—રોજ એક અથેાળ દિવેલ પીવું.

વેદના સહિત પેશાબ થોડો-થોડો ટપકવો—હરડે, ગોખરુ, ગરમાળો, પાષાણભેદ ધમાસો ને સાટોડી સરખા ભાગે લઈ બે તોલાનો ક્વાથ રોજ પીવો.

પથરી—હરિતક્યાદિ ક્વાથ લેવો અને શસ્ત્રક્રિયા કરાવવી.

મધુમેહ—શિલાજિત બે આનીભાર પાણી સાથે લેવી.

મધુપ્રમેહ—અસાધ્ય છે.

મેદ—લૂખો ખોરાક, હરડે, આદું, હલકો ખોરાક, કસરત. બે ચમચા મધ ગરમ પાણીમાં રોજ પીવું. સાટોડી અને કળથીનો ખોરાકમાં ઉપયોગ કરવો.

જલંધર—છ માસ સુધી પાણી બિલકુલ બંધ. દૂધ અને હરડેનું સેવન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોજા—પાણી બંધ. સાટોડીના મૂળનો ક્વાથ અને હરડે લેવાં.

અંડવૃદ્ધિ—દિવેલ અને ગૂગળનું સેવન કરવું.

કંઠમાળ(ગળાની ગાંઠો)—કાંચનાર ગૂગળનું છ માસ સુધી સેવન, હલકો ખોરાક, હરડે લેવી.

જૂની કઠણ રસોળી (અર્બુદ, કેન્સર)—દગ્ધ-ક્રિયા કરાવવી.

હાથીપગું (શ્લીપદ)—કફવિરોધી ચિકિત્સા કરવી.

ગૂમડું—કાચું હોય તો દશાંગ લેપ લગાડવો, પાકયું હોય તો શસ્ત્રક્રિયા કરાવવી.

હાડકાનું ભાંગવું—પાટો બંધાવવો.

ભગંદર—શસ્ત્રક્રિયા.

ઉપદંશ (ગરમીનો રોગ)—પારાનું સેવન અને અપથ્યમાં મીઠું બંધ.

ચામડીના રોગ—મીઠું બંધ, મંજીષ્ઠાદિ ક્વાથ અને કફવિરોધી ચિકિત્સા.

શીળસ (શીત પિત્ત)—સવાર-સાંજ ૧૦ તોલા આદાના રસમાં ગોળ નાખી પીવો, હરડે અને હલકો ખોરાક.

રતવા—દશાંગ લેપ.

પ્રદર—દારૂ, હળદર, રસવંતી, તાંદળજાનું મૂળ, અશોકની છાલનો ઉકાળો લેવો. (૨) ચોખાનું ધોવડામણ અને રોજ પાવલીભાર નાગકેસરની ફાકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોના રોગ—હરડેનું ચૂર્ણ એક વાલ સાંજે દેવું.

બાલચૂર્ણ:-અતિવિષની કળી, કાકડાશીંગ, નાગરમોથ, લીંડીપીપર–આ ચારે એક વાલના માપથી દિવસમાં ત્રણવાર પાણી સાથે અથવા મધ સાથે દેવું. રોજ હરડેનો ઘસારો પાવો.

વિસ્ફોટક(ચામડી ઉપર મોટા ફોલ્લા થવા)– ઘીનો લેપ કરવો.

શીતળા, બળિયા—લંઘન કરવું, દાણા સુકાય ત્યાં સુધી ફક્ત ઉકાળીને ઠરેલું પાણી જ આપવું.

મોઢાનો રોગ—વગળના પાણીના કોગળા કરવા.

કાનનો રોગ—સરસવના તેલનાં ટીપાં પાડવાં.

માથાનો રોગ—હરડે, પથ્યાદિ કાઢો.

વિષ—ઊલટી કરાવવી.

ભાઈ! બસ આટલું જ વૈદું નાનભટ્ટે મને શિખવાડ્યું છે.

ત્યાર પછી મારી જાતે જ મેં તેમની પ્રેરણાથી વૈદકના તમામ ગ્રંથોનો અભ્યાસ કર્યો. આજે પણ ૬૦ વરસે રાત-દિવસ વાંચું જ છું, અને તે પણ તેમણે લેવડાવેલી પ્રતિજ્ઞાના શબ્દો હંમેશાં યાદ દેવડાવે છે, તેથી જ શક્ય બન્યું છે. તેમણે કહ્યું હતું, કે–

'જોજે પ્રભુ! સરસ્વતીના ઘોડા ઉપરથી નીચે ઊતરતો!'''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ : પથ્યની સાચી ઉપાસના

બાપા ખિરસરા ગામે એક જાણીતી વ્યક્તિને જોવા ગયેલા. તેમણે નિદાન કર્યું અમ્લપિત્તનું. બાપાએ દરદીને હરડે, દશાંગ કવાથ અને કાળી દ્રાક્ષ –એટલાં દ્રવ્યો ચીંધ્યાં.

દરદીના મનમાં આ હરડે અને કાઢાથી કંટાળો ઊપજ્યો હોય કે બીજાથી તે તો રામ જાણે, પણ બાપાને તેણે ઊકડાં ભણાવ્યાં.

"બાપા! બહેનને બહારગામથી આવવા દો, પછી તમારી દવા શરૂ કરીએ."

"જમડા જીવ લેવા આવે, પછી બહેન આવશે ને તું સારો થઈ જજે.

"તું ઔષધનો દ્વેષ કરે છે, એ જીવવાનું લક્ષણ નથી."

આટલું સુણાવી બાપાએ માપવા માંડ્યું,

તરત જ પાછળ મોટર મોકલી, પણ બાપાએ કહ્યું: "ભાઈ! મારે હવે તેની દવા કરવી નથી. ઘોર અમ્લપિત્તમાં સડે છે છતાં તેને ભાન નથી; એટલે તેની બુદ્ધિ જ બગડી છે. દર્દનાં દુઃખ કરતાં તેને પથ્યનું દુઃખ ભારે પડે છે, તે હું સમજું છું."

અમ્લપિત્ત છે અને અમ્લપિત્તમાં હરડે ને દશાંગ કવાથ પીવો જ પડે. ના ભાવે અને દરદી બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગણી કરે, તો પૈસાને ઠોકરે મારી કીર્તિની પરવા ન કરતાં, શાસ્ત્રસિદ્ધાંતોને સર્વાંગથી પકડી રાખનાર આ આયુર્વેદપ્રેમીને કોટિકોટિ વંદન હો!

૮ : પ્રત્યક્ષ વૈદું

શાંતિભાઈ ત્રણ વરસથી માથાકૂટ કરે, કે આ કનક શું હશે! મને તો કહેતા નથી.

તેમના ભાવ ઉપરથી તે બાપા અને પ્રભાશંકરભાઈ જાણતા.

છેવટે ભાવપ્રકાશ પૂરો ભણાઈ ગયા બાદ તેમણે કહ્યું: ભાઈ! કનક એટલે ધતૂરો.

પણ શાંતિભાઈ! વિષ બહુ વાપરવાં નહિ. કનકને બદલે ભાર્ંગમૂળ જ દમના વ્યાધિમાં વાપરવું. આના વિષે એક વાત કહું.

જંક્ષન સાહેબે એક બિલ મૂકેલું, કે વૈદ્યોને વિષ વાપરતાં આવડતું નથી, જેથી ઘણા મરી જાય છે; તેથી વિષ માત્ર માટે ઇન્સરો લેવાનો કાયદો કરવો; અને ત્યાર પછી કાયદો થયો.

ભાઈ! વૈદ્યોને જવાબ આપતાં ન આવડ્યો.

આયુર્વેદમાં કયાં ય વિષનો ઉપયોગ જ નથી; નેપાળો વાપરવાનો હોય ત્યાં નેપાળાનું મૂળ વપરાય છે; ઢિવેલ વાપરવાનું હોય ત્યાં ઢિવેલાનું મૂળ વપરાય છે. ધતૂરો કે સોમલ કે પારો કયાં ય વાપર્યો જ નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિભાઈએ પોતાને ગામ જઈ જ્યારે વૈદું આદર્યું, ત્યારે ઘતૂરો વાપરી જોયો. ઘતૂરાથી શોષાઈ દર્દી સારા થવાને બદલે બગડ્યાં, તેથી ભાર'ગમૂળ વાપરવું શરૂ કર્યું.

વર્ષો બાદ આવી શાંતિભાઈએ કહ્યું: બાપુજી! કનકે માણસો શોષાતાં ગયાં, જ્યારે ભાર'ગે બધાં સારાં થયાં.

એટલે ભાઈ! અમે બાટલે બેસી શીખેલું વૈદું તમને કહીએ છીએ, એટલે અમે આયુર્વેદનિષ્ટ છીએ; તમે પોથાંવાંચેલાં છો.

પોથી વાંચે વૈદું ન થાય; પ્રત્યક્ષ જોવું જોઈએ.

૯ : ઘડપણમાં પણ શિષ્યવૃત્તિ

જૂનાગઢના મુખ્ય વૈદકીય અમલદાર નરસિંહભાઈ (એમ. બી. બી. એસ.)ના એક દરદી ગંગારામ માસ્તર (હજી પણ જીવે છે)ને પત્ત (લેપ્રસી)નો રોગ હતો. લોહી તપાસતાં તેમાં પત્તનાં જંતુઓ (બેસીલાઈ લેપ્રાઈ) જણાયેલાં. ટાંકણીએ ઘોચતાં કંઈ બબર ન પડે એટલી ચામડીની બહેરાશ હતી.

હીડનો કાર્પસ, ચૌલમુગ્રા તેલ વગેરેના ઉપચાર કરી ઘણીઘણી મહેનત કર્યા બાદ થાકયા પછી નરસિંહભાઈ કંટાળ્યા.

નાનભટ્ટ બાપા જૂનાગઢમાં આવ્યા છે, તે વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણી નરસિંહભાઈએ મારૂતરને કહ્યું: 'ભાઈ! નાનભટ્ટ પાસે જજે, તે કંઈ તારા પત્તના રોગ માટે કરી શકે તેમ!'

મારૂતર ગંગારામ તરત જ બાપા પાસે ગયા અને પોતાના દર્દનો ઇતિહાસ સંભળાવ્યો.

"રોજ સવારે એક અધોળ દિવેલ, ગળોનો કાઢો અને મીઠાવિનાની ખીચડી એકલી જ લેવાની. મટે ત્યાં સુધી પાળજે—સારું થશે જા!" બરોબર નવ વર્ષ સુધી ગંગારામે આચરણ કર્યું. શ્રદ્ધા શું ન કરે?

બાપા નવ વર્ષે ફરીથી જૂનાગઢ આવ્યા, ત્યારે મારૂતરે દર્દ મટ્યાની વાત કરી; નરસિંહભાઈએ પણ લોહી તપાસ્યું; પણ એ બેસીલાઈ લેપ્રાઈ મળે જ નહિ. બાપાએ ખૂબ ટાંકણીઓ ઘોંચી. નગ્ન કરી સર્વ અંગ તપાસ્યું. દર્દનું નામનિશાન નહિ રહેલું.

ઊભેલા મારૂતરની આજુબાજુ બાપાએ સાત આંટા ફરી પ્રદક્ષિણા કરી અને એકવીસ રૂપિયા મૂકી પગે લાગ્યા.

મારૂતર બિચારા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. "ભાઈ! તું મારો ગુરુ છે. તેં મને શિખવાડ્યું, કે પત્ત માટે ગળો, દિવેલ અને મીઠાવિનાની ખીચડી જ બસ છે. વાહ, આયુર્વેદ! વાહ! લાંબે ગાળે પણ ફાયદો કરનાર વિજ્ઞાન તો માત્ર તું જ છે."

વંદન હો! આવા, સાઠ વર્ષે પણ શીખવાની ઉમેદ રાખનાર નમ્ર નિરભિમાની. મહાનુભાવોને!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦ : જટાશંકરભાઈને ત્યાં

હું અને મારા મિત્ર શ્રી. ચિત્તરંજનભાઈ જોગેશ્વરી ગયા હતા. ત્યાં શ્રી. નાનભટ્ટના શિષ્ય શ્રી. જટાશંકરભાઈના સમાચાર મળ્યા. તેમને મળવાનું મને સ્વાભાવિક રીતે મન થયું અને તરત જ અમે તેમને ત્યાં પહોંચ્યા.

કાઠિયાવાડીના હૃદયમાં અતિથિ-સત્કારનું શું પૂછવું ? તરત જ તેમણે દૂધના બે પ્યાલા મંગાવ્યા. "ચાલો ચાલો, ભાઈ ! જમવા બેસી જાવ. હું જ ત્યાં આવવાનો હતો."

'પણ બાપા, હું તો નાનભટ્ટની વાતો સાંભળવા આવ્યો છું.' મેં આતુરતાથી પૂછ્યું.

"અરે ભાઈ, બાપાની શી વાત ! છેલ્લાં દસ વર્ષ તેઓ મારે ત્યાં અમરેલીમાં જ હતા. રાત આખી દીવો બાળ્યા કરે. વાંચવાંચનો જ ધંધો. સવારે અમને તૈયાર થાયું પીરસી દે. બીજાને લાભ કેમ થાય, તેના સિવાય બીજો વિચાર જ નહિ.

"એક કોઢનો દર્દી છેલ્લા ત્રણ માસથી તેમની દવા કરતો હતો. ત્રણ મહિનાને અંતે શરીર સાવ નીરોગી થયું. છેલ્લા જે દિવસે દર્દીને જોયો, તે જ દિવસે તેમના શિષ્ય મણિભાઈને કહેવા બાપા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઠિયાવાડ ઊપડ્યા. રાત્રે બે વાગે કમાડ ઠેલી, 'અલ્યા મણિભાઈ! કાગળ પેન્સિલ લાવ અને નોંધ કરી લે, કે બેરસાલના પાણીના સ્નાનથી, જમણમાં પણ બેરસાલના પાણીથી જ રાંધેલા બોરાકથી, બાવચી અને આમળાંના ચૂર્ણથી અને અપથ્યમાં મીઠું બંધ કરવાથી, કોઢનું દર્દ મટે છે.' આટલું કહી બાપા અમદાવાદ આવ્યા અને પ્રભાશંકરભાઈને પોતાની સિદ્ધિની નોંધ કરાવી. ત્યારબાદ બે-ત્રણ શિષ્યોને કહી અમરેલી પાછા આવી મને કહ્યું: 'અલ્યા જટાશંકર! હવે આપણે કોઈને કહેવાનું બાકી રહી જાય છે?'

'બાપા, એ તો ટપાલથી પણ થાય. તમે તો જ્યાં-ત્યાં ઢોલ્યા જ કરવાના; શરીરે ય સાચવતા નથી.'

'અલ્યા, પણ આપણે પોતે જ ફક્કડમાં આપણને મળેલું જ્ઞાન સામાને આપીએ, તે પત્રથી પહોંચે બરું કે? પોસ્ટે ય કલાક ગૂં-ગૂં-ગૂં કર્યા વિના ઇયળની ભમરી બનતી હશે?'

બાપાની આ વાત સાંભળી હું તો વિચારમાં જ ગરકાવ થઈ ગયો, કે આ સૃષ્ટિમાં એવા પણ શિક્ષકો છે, કે જે માત્ર જળ જ બિછાવતા હોય; જ્યારે નાનભટ્ટ જેવા એવા પણ છે, કે જે ગાંઠનું ગાડીભાડું બર્ચી રાત્રે બે વાગે શિષ્યને ઉઠાડી નોંધ કરાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ : પુસ્તકપ્રેમ

પોતાનાં વખાણ કોઈ કદી કરે જ નહિ અને બીજો પોતાના ગુણ ગાય, ત્યારે એ મનુ ભગવાનનું જૂનું વાક્ય વારંવાર સંભળાવતા :

"જે માણસ પોતાનાં વખાણ કરે, તેનો વધ કરવો."

એકવાર પ્રભાશંકરભાઈને પૂછ્યું: "માધવ-નિદાન કેવો ગ્રંથ ?"

'બાપા ! જો કોઈ એવો ગ્રંથ હોય, કે જેમાં ચિકિત્સા લખી હોય, પથ્યાપથ્ય લખ્યાં હોય ને કારણો પણ લખ્યાં હોય, એવો પૂર્ણ ગ્રંથ હોય, તો તે માધવનિદાન છે.'

બાપા મનમાં સમજ્યા, કે પ્રભુએ બરોબર મનન કર્યું છે; પણ પરીક્ષા કરવા પૂછ્યું :

'અલ્યા ! ઓસડિયાં તેમાં ક્યાં લખ્યાં છે ? પથ્યાપથ્ય ક્યાં લખ્યું છે ? ગપાટા જ મારે છે. લાવ, લખ્યું હોય તો બતાવ !'

"બાપા ! જે રોગનાં કારણો લખ્યાં હોય, તેનાથી ઊલટું કરીએ એટલે ઔષધ જ થયું ને ! અને દોષનું વર્ણન છે, એટલે તે દોષ પેદા કરનાર દ્રવ્ય ન ખાવાં જોઈએ, એ પથ્યાપથ્ય. ફક્ત સાધ્ય-અસાધ્યનો વિચાર આપણે કરી લેવાનો રહ્યો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જ રાત્રે બે વાગે ઊઠી બાપાએ પાસે સૂતેલા પોતાના શિષ્ય શાંતિભાઈને ઊંઘમાંથી ઉઠાડ્યા.

'અલ્યા શાંતિ! માધવનિદાન ચિકિત્સાનો ગ્રંથ ખરો કે નહિ?'

'ના, બાપુજી.'

'અરે શાંતિ! તેં ચોપડીના અક્ષરો જ વાંચ્યા; મનન ને સમજણ વિનાનું વાંચન શો લાભ કરે?

'જે કારણથી રોગ થયો હોય, તે કારણથી વિપરીત કરણી કરીએ, એટલે રોગ મટે કે નહિ? (નિદાન પરિવર્જનમ્.)'

કોઈ પણ વસ્તુ નવી શીખી લાવ્યા હોય, તો કચારે બીજાને કહી દેવી અને પોતે સર્વને કેવી રીતે ઉપયોગી થવું, એ તેમની પ્રકૃતિની ખાસિયત ઉપર જેવા અનેક પ્રસંગોમાંથી મળી આવે છે.

વહાલામાં વહાલી ચીજ વેચીને પણ નવું બહાર પડેલું પુસ્તક લાવે. ભાવપ્રકાશ તો છાતી ઉપર જ હોય. એકવાર તેમના શિષ્યે કહ્યું: "બાપા! હવે રોગ મટાડતાં તો આવડે છે અને અમારું કામ ચાલે છે. હવે વળી આ થોથાંમાં કોણ માથું ફૂટે!"

'અલ્યા! એ વિચાર અને આચરણે તો વૈદું નાશ પામ્યું. વિદ્યા કચારે ટકે, તે માટે ભગવાન સુશ્રુતના શ્લોક ઉપર તેં મનન નથી કર્યું. સતત મરતાં સુધી અધ્યયન, પરતંત્રોનો પણ પૂર્ણ અભ્યાસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મવિદ્યાનો સહવાસ અને આચાર્યની સેવા ચાલુ હોય, તો જ કાર્યો સિદ્ધ થાય. તું જે કાર્યસિદ્ધિની વાતો કરે છે, તે લાંબો સમય ટકશે નહિ; માટે પુસ્તક પર પ્રેમ કર.'

૧૨ : 'ગુલામી જોઈતી નથી'

લીમડીના દરબારે કહ્યું: "પ્રભાશંકરભાઈ! હવે બાપાને ઘર બહાર ન નીકળવા દો તો સારું."

'કેમ ભાઈ!'

"અરે, હમણાં જ સ્ટેશને બાપા ડબામાંથી પડી ગયા અને પાછા ચઢવા ગયા, તો લોકો બેસવાની જગ્યા જ ન આપે; આપણા બેચાર માણસોએ સ્ટેશનમાંથી જઈ બાપાને સેકન્ડ કલાસમાં બેસાડ્યા. હવે આમ કંઈ મરી જશે તો?"

પ્રભાશંકરભાઈએ ગાડીની વાત સાંભળી ઘેર આવેલા પિતાને ખૂબ નમ્રતાપૂર્વક કહ્યું:

"બાપા! હવે તમે ઘેર જ રહો. આપની સેવામાં એક માણસ રોકું, એક મકાન સ્વતંત્ર કાઢી આપું. જે જોઈએ તે પૂરું પાડું, પણ હવે ઉંમર થઈ એટલે બહાર નીકળવું નથી."

સ્વમાની બાપાએ જવાબ આપ્યો:

'મારી ચામડીનો કોસ પણ થવાનો નથી; હાડકું ય કામ આવવાનું નથી, તો જીવીએ ત્યાં સુધી બીજાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિતાર્થે ન વાપરીએ ! તારું ઓશિયાળું કોણ થાય ! તારા મનમાં કે બાપાનું હું પૂરું કરું છું, એવો કોઈ દિવસ પણ નહિ આવે. આ તો હું સ્વતંત્ર; માટે ચાલે ત્યાં સુધી મારે કોઈની ગુલામી જોઈતી નથી.

૧૩ : વડીલપણું

સાંજે પાંચ વાગે દીકરીના દીકરાનો પત્ર આવ્યો: "બાપા, નાપાસ થયો છું."

તરત જ ગાડીએ બેઠા અને રાજકોટ પહોંચ્યા. ખબર મળી, કે નગીન વઢવાણ ગયો છે, એટલે વઢવાણ પહોંચ્યા. પ્રથમ જતાંવેંત જ કપડાં ઉતરાવી દિલ ઉપર હાથ ફેરવ્યો. 'બેટા ! દુઃખળો તો નથી પડ્યો ને ! હવે કંઈ ચિંતા કરવાની જરૂર નથી. આ તો આ લોકોનું રાજ્ય છે, તેથી મારા મનમાં ઠીક કે તું ભણે. બાકી કંઈ ડીગ્રી મેળવ્યાથી વેદું આવડવાનું નથી. આ આપણી દીકરીઓએ કઈ રાંધણકળાની યુનિવર્સિટીની ડીગ્રી મેળવી છે ? પણ બાવાનું કેવું લહેજતદાર બનાવે છે !

'આ બેટૂતોના એક સીધી લીટીના ચાસ તેં જોયા છે ? એક તો બળદ હાંકવો, હળ ઝાલવું, દાણા ઓરવા અને સીધો ચાસ પાડવો. આ બધા અજબ કારીગરો કોઈ ડીગ્રી મેળવતા નથી. વેદું તો આપણા ઘરમાં આકૂડું આવડી જશે. ફરીથી ભણવું હોય, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિંતા કર્યા વિના ભણુ, મારી ના નથી; પણ ના ભણવું હોય, તો હાલ ઘરે. આપણે કંઈ ચિંતા કરી દૂબળા પડવા જન્મ્યા નથી.'

૧૪ : કમાણીનો સાચો ઉપયોગ

'બાપા! આપણે હવે કંઈ મકાન બંધાવીએ તો સારું. આવાં ઝૂંપડાં તો હવે ગમતાં નથી.' પ્રભાશંકરભાઈએ તેમનો મત પિતાશ્રી પાસે રજૂ કર્યો.

"મારા મડદા ઉપર તારે મકાનનો પાયો નાખવો–જે નવું મકાન બંધાવવું હોય તો." બાપાએ ગંભીરતાથી જવાબ આપ્યો.

'પણ બાપા! આપણી હારના બધાઓએ સુંદર મકાનો બંધાવ્યાં છે. આપણે કેમ નહિ?' પ્રભાશંકરભાઈએ દલીલ કરી.

"ભાઈ! પરદેશીઓના વસવાટે આપણી બુદ્ધિ ભ્રષ્ટ કરી છે, તેથી આપણી હારના વિના સમજ્યે નકામાં ધન અને શક્તિ માટી પાછળ વેડફે છે. ઇંદ્રિયોને જેટલાં સુખ–સગવડ વધારે આપશો, તેટલી જ વધુ ખરાબ એ થવાની. આજે લાખો રૂપિયા વિદ્યાને બહાને મકાનોમાં જાય છે. વિદ્યા આપવી કે દાન કરવું; એટલે વિદ્યાના અર્થીઓનાં હૃદય કેળવવામાં પૈસા નાખવાના હોય કે માટી–પથ્થર અને ઇંટોમાં?

"તારી પાસે ધન વધારે હોય, તો તું પાંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થીઓનું વધુ પોષણ કર. તેમને પુસ્તકો, કપડાં અને ખોરાક પૂરાં પાડ. એ દાન તને આ લોક એકલામાં જ નહિ, પરલોકમાં પણ ઘણું સુખ આપશે.''

બાપાની કમાણીના સમયમાં તેમણે ધાર્યું હોત, તો લાખો રૂપિયાનાં મકાનો ઊભાં કર્યાં હોત; પણ તેમણે પોતાનો અડગ નિશ્ચય મરણ પર્યંત જાળવી રાખ્યો. કમાણીના બધા જ રૂપિયા સેંકડો વિદ્યાર્થીઓના પોષણ અર્થે જ હોમી દીધા.

આ વાતનો પ્રત્યક્ષ પુરાવો તો આટકોટમાં તેમના શિષ્ય મણિભાઈને ત્યાં ગયો ત્યારે મળ્યો, કે શિષ્યને ત્યાં ખાંડણી, દસ્તો, ખરલ અને પુસ્તકો એટલી ચીજોની ખરીદી નાનભટ્ટ બાપાની જ હતી. આજે આધુનિક સર્વ સગવડો–યુક્ત ધન્વંતરી ભુવનમાં હું મહિના પર્યંત રહું છું, ત્યારે પ્રભાશંકરભાઈને રોજ સંભળાવું છું.

''બાપુજી! આ મકાનો પાછળ કેમ પૈસા નાખ્યા?''

મૂગે મોઢે સહન કરી તે એક જ વાત કહે છે, કે ''ભાઈ! મારા જીવનમાં મેં એ મોટી ભૂલ કરી છે. તું તે કદી પણ ના કરતો. નાનભટ્ટ બાપા હોત, તો આ મકાનનું અસ્તિત્વ જ ન હોત. આજે આ બીજા નવા મકાનનું પાંચ હજારનું નુકસાન થયું, ત્યારે મને બાપાના એ શબ્દો યાદ આવ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પ્રભુ! આપણા બે શિષ્યોનાં હૃદય અને મન કેળવવા જે ધન છૂટા હાથથી વાપરીએ, તો તેની કિંમત મકાન કરતાં કરોડગણી વધારે છે.'

૧૫ : પ્રભાવ

મેંકડા ગામમાં એક ભાઈને બીલ થયેલા. નાનભટ્ટ બાપા આંખ બોલી લેખનનું ઓપરેશન કરવા બેઠા. લેખન કરતાંકરતાં થોડું લોહી નીકળ્યું, એટલે 'મારે તમારી પાસે નથી કરાવવું' એમ બૂમ પાડી દરદી ઊભો થઈ ગયો. તરત જ એક ઘોલ મારી બાપાએ તેને સુવાડી દીધો. લેખનવિધિ પૂરો કરી મીઠું ભરી પાટો બાંધી દીધો.

પંદર દિવસ પછી તે જ દરદી કહે છે:

"બાપા! બીજી ઘોલ મારી બીજી આંખે પણ કરી દીધું હોત, તો આ દશ વર્ષથી બીલથી પીડાઉં છું, તે ન પીડાત."

'હવે મારે ઘોલ મારવી નથી. ડૉકટર શીશી સુંઘાડે ને તને ખબરે ય પડે નહિ, તેમની પાસે જા.'

'પણ બાપા! શીશી તો બેવાર સૂંઘી, પણ પાછળથી સુવાવડ મહિનો પહોંચે છે અને બીલ તો એટલા અને એટલા જ છે.

'મોરથૂથુ અને સિલ્વર નાઇટ્રેટ કેટલું ય ઘસાયું છે; પણ બાપા...'

દરદીને અંતઃકરણથી જ એમ લાગે, કે બાપા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા; હવે રોગ જવાનો. આવે ત્યારથી જ બાટલે બેસી માથે હાથ ફેરવ્યા કરે. નર્સનું કામ પોતે જ કરી લે અને રોગ મટે ત્યારે જ બાટલો છોડે.

તેનું કંઈ રીતે હવે વધુ હિત થશે, એ પાછું વિધિસર ચીંધતા જાય.

તેમના આ ભાવથી તો પછી 'બાપા' એ નામે જ તેઓ ઓળખાવા લાગ્યા અને સ્ટેશને પહોંચ્યા હોય, ત્યાં તો કોઈ ટિકિટ લઈને ઊભું જ હોય. બીજે ગામ ઊતરે, ત્યાં સ્ટેશને મોટરો ઊભેલી જ હોય.

'સર્વભૂતહિતે રતાઃ'નો ભાવ શું પ્રભાવ ના પાડે?

૧૬ : બ્રહ્મજ્ઞાન

'મારો ભાઈ કાળીદાસ માંદો પડ્યો. હું પગચંપી કરતો હતો. કાળીદાસને ક્ષય હતો, એટલે મારી આંખમાંથી અશ્રુ પડ્યાં. કાળીદાસને ખબર પડી, એટલે નાનભટ્ટને બોલાવ્યા.' બાપુજીએ વાત માંડી.

કાળીદાસે કહ્યું: 'નાનભટ્ટ બાપા! આ પ્રભુ રડે છે.'

"અલ્યા! બ્રહ્મવિદ્યા જાણનાર બ્રાહ્મણ થઈ તું રડે છે? જીવે ત્યાં સુધી કરોડો રૂપિયા ખરચી નાંખીએ, પ્રાણ જાય ત્યાં સુધી સેવા કરીએ; મર્યા તો પછી કંઈ નહિ. રામ અને કૃષ્ણ જેવા ચાલ્યા ગયા, તો આપણે કોણ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અભિમન્યુ જેવા દીકરાઓનાં મડદાં ઉપર ચાલી પાંડવો લડતા, એ નથી સાંભરતું ? આ તો મહાન સંસારસાગર છે. આપણે આર્ય છીએ. આપણાથી રડાય નહિ, હિંમત હરાય નહિ અને હસતે મુખે કર્મ કરતાં-કરતાં આ જગદંબાની વેદિમાં હોમાઈ જતાં ડરાય પણ નહિ."

ઘડપણમાં પણ ૨૦-૨૫ માઈલ ચાલતા જોઈ, તેમના પુત્રે મોટર લાવવાની વિનતિ કરી. બાપાએ જવાબ વાળ્યોઃ 'ભાઈ! એ રમકડા સાથે તું ભલે રમે; મારે એ બધનું નથી.'

૧૭ : જન્મ અને અભ્યાસ

આવી શ્રમજીવી, પરોપકારી, પ્રાણી માત્રનું હિત જ કરનાર વ્યક્તિનો જન્મ વિ. સં. ૧૯૦૪ની સાલમાં ગઢડામાં થયો હતો.

તેમના પિતાનું નામ અંબારામ બાળકૃષ્ણ. બિચારાએ ૩૦ વર્ષ સુધી વડોદરામાં તેમના ગુરુની સેવા કરી. ગુરુપત્નીના સાલ્લા જ ધોયા કર્યા. ગુરુની પગચંપી કરે, કપડાં ધૂએ, ગૃહસેવા ઉઠાવી લે અને સમય મળતાં ભણવા બેસે. દંડવત્ પ્રણામ અને સમર્પણભાવથી ગુરુના હૈયામાંથી જે વિદ્યા મળે, તેમાં તો પૂછવું જ શું ?

ત્રીસ વરસે જ્યોતિષ, વૈદક અને પુરાણ ભણી, એ આર્ય વિદ્યાપીઠમાંથી બહાર નીકળ્યા. સંસ્કૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાકરણમાં સારસ્વત ભણેલા. તે અરસામાં પુસ્તકો બહુ મળતાં નહિ; તેથી વૈદ્યવિનોદ જેવાં પુસ્તકોનો સારો અભ્યાસ કરેલો એમ માહિતી મળે છે. એ પુસ્તકોમાં નિદાન સાથે ચિકિત્સા સારી છે.

પુરાણમાં ભાગવત વગેરે ગ્રંથો વાંચતા, પણ જ્યોતિષના તો તેઓ પ્રખર વિદ્વાન. કેટલાં ય સ્ટેટના દરબારોની જન્મોતરીઓ તેમની જ બનાવેલી છે. સમય જતાં એટલી બધી કીર્તિ પ્રસરી, કે ગામમાંથી જેને ડગલું ય ભરવું હોય, તે ભટ્ટને જ પૂછે. જાન નીકળવાની હોય અને ના પાડે, કે મુહૂર્ત સારું નથી; છતાં ઉપરવટ થઈ જાન જાય, તો વિઘ્ન આવ્યું જ હોય. લખીએ તો લોકોને ખરું ન લાગે ને કહે, કે 'લેખકે ગપાટા માર્યા છે,' એવી વાર્તાઓ ગામલોકો પાસેથી સંભળાય છે.

જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ આર્યાએ ક્યાં સુધી કર્યો છે, તે બુદ્ધિના વર્તુલમાં તો સમાતું ય નથી.

અંબારામ ભટ્ટના* પ્રથમ લગ્નથી હાઉભટ્ટનો+ જન્મ થયેલો; પણ નાની વયમાં વિધુર બનવાથી તેમણે બીજીવાર લગ્ન કર્યું. આ લગ્નથી તેમને નાનભટ્ટ,

---

* જ્યોતિષના ત્રણ ગ્રંથો–સિદ્ધાંતશિરોમણી, ગ્રહલાઘવ અને સૂર્યસિદ્ધાંતનો તેમણે અભ્યાસ કર્યો હતો.

+ સારસ્વત વ્યાકરણ, પાંચકાવ્ય, ભાગવત, મહાભારત, રામાયણ, વૈદકમાં હારિત સંહિત, વૈદક શબ્દકલ્પદ્રુમ, જ્યોતિષનાં વર્ષફળ, જન્મોતરી અને મંત્રશાસ્ત્રના ગ્રંથોનો તેમનો અભ્યાસ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવાનીશંકર, જીવરામ અને ઇચ્છારામ× એમ ચાર પુત્રો થયા.

નાનભટ્ટ સૌથી મોટા હતા. માતાનું નામ શંભુમા. શાંત અને સરળ સ્વભાવ. દૂધ, દહીં, ઘી, માખણ, છાશની રેલમછેલ. પોતાનો પુત્ર દેવ બને એ જ ભાવના. પેઢીગત વૈદું તો ચાલ્યું જ આવતું.

લગભગ ૮૨ વર્ષે પિતા દેવલોક પામ્યા; તેથી સર્વ ગૃહવ્યવહાર નાનભટ્ટને શિર આવ્યો. લગ્ન લીલાપુરનાં ડાહીબા સાથે થયેલાં. મેંઢાને ગુરુ બનાવ્યું હોય, તેવો જ તેમનો સ્વભાવ. દીકરો પ્રભુ રમીને રાતે બે વાગે આવે, ત્યાં સુધી થાળી ઝાલી બેસી રહ્યાં હોય. સીતા, દમયંતીની બહેનોની સહનશીલતાની તો વાત જ શી પૂછવી? એક પણ અક્ષર બોલે જ નહિ, કે 'કેમ મોડું થયું?'

સંસારી બોજો માથા પર આવવાથી નાનભટ્ટ ધંધાર્થે બહારગામ ફરે, એટલે સારા ય ગૃહનો વ્યવહાર તેમને માથે જ ચલાવવાનો હતો; પણ ડાહીબા બધું ઉપાડી લેતાં. નાનભટ્ટને તો બબર જ નહિ, કે ઘર કેમ ચાલે છે.

આવા સંજોગોમાં પેઢીગત સંપાદન કરેલા વૈદ્યમાં નાનભટ્ટે તન, મન અને ધનથી પોતાના પ્રાણ પૂરી સાચું આયુર્વેદનું માર્ગદર્શન કરાવ્યું.

× જ્યોતિષનો મુહૂર્ત જોવાનો ગ્રંથ તેમને મોઢે હતો અને તે જ તેઓ કરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંદોદ–કરનાળીમાંથી ગુરુ પાસેથી બાપા સારસ્વત ભણી આવેલા. ચાંદોદ નર્મદા–તટે આવેલું છે. નર્મદા માતા તો બારે ય માસ પાણીથી ભરપૂર હોય છે. સવારમાં ચાર વાગે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી ગુરુનું સ્મરણ કરી, બંડેરાવના આરે ચાલ્યા જતા. દાતણ–પાણી કરી સ્નાન કરી પાસે જ શિવાલય છે, ત્યાં પૂજા–પાઠથી પરવારી ભણવા બેસી જતા. ચાર વર્ષમાં સંસ્કૃત વિદ્યા મેળવી લીધી અને ગઢડા પોતાના વતનમાં પાછા ફર્યા. ગઢડા આવી પિતા પાસે જ્યોતિષ ભણ્યા. દી આખો વૈદું કરે. રાત્રે વિચાર–સાગર, યોગવાસિષ્ઠ, પંચદશી–એવા બ્રહ્મજ્ઞાનના ગ્રંથો ભણે.

લગભગ અઢાર વર્ષની વયે વૈદું શરૂ કર્યું. દવાખાનું ખોલી, દરદી આવે તો પૈસા લઈ દવા આપવી, એ તેમને રુચતું જ નહિ; તેથી જે દરદી હાથ લે, તેને ઘેર જ આંટા ખાય. તેને પૂર્ણ આરામ થાય, ત્યારે જ મૂકે; પણ આ કાળમાં તેમણે વિદ્યાભ્યાસ તો ચાલુ રાખ્યો.

શાર્ઙ્ગધર અને ભાવપ્રકાશ મોઢે કરી દીધાં. ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ વાંચી કાઢેલાં; પણ મોઢે નહિ.

ભાવપ્રકાશનું તો એટલું ઊંડું નિદિધ્યાસન કે જે રોગનું પાનું કાઢવું હોય, તે રોગનું પાનું ઉઘાડતાં જ નીકળી આવે. હરતાં–ફરતાં, ઊઠતાં–બેસતાં વૈદ્યના વિચાર વિના મગજમાં બીજો વિચાર જ ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. જે શિષ્યો શ્લોક મોઢે બોલે, તે તેમને પ્રાણપ્રિય થાય. પોતે પણ મોઢે જ બોલતા. 'વિદ્યા તો કંઠસ્થ જ હોવી જોઈએ,' એ તેમનું બ્રહ્મસૂત્ર હતું.

રોગમાં પ્રથમ સ્થાન જ્વરનું જ આવે અને એ તાવના રોગના મહાન નિષ્ણાત. પ્રથમ તો જોઈ લે, કે તે ચઢતો-ઊતરતો છે કે અણઉતાર. ત્યારબાદ નિદાન કરે. 'આવતા તાવમાં ઉપવાસ જ હોય,' તે તેમનો, હજારો ખાટલાઓ પાસે રાત્રીઓ ગાળી, તેમાંથી વલોવી કાઢેલો સિદ્ધાંત, તેઓ પ્રાણાંતે પણ સાચવતા.

'આવતા તાવમાં દવા હોય જ નહિ,' એ સિદ્ધાંતે તેમને કેટલાય ડાકટર અને દર્દીઓના અળખામણા બનાવ્યા હતા.

તાવનું કારણ હોજરી હોય, તેને યોગ્ય ઔષધ આપી સાફ કરીએ; પણ નાડીઓમાં ચઢેલા દોષનું શું ?

દોષ નીચેના ભાગમાં હોય અને ઊલટી કરાવીએ, તો બંધ થાય. ઊંચે હોય, તો રેચ આપીને બંધ થાય; પણ આડો બધી નાડીઓમાં સ્થિત હોય, તો ઉપવાસ સિવાય થાય શું ?

એટલે વાયુના તાવમાં સાત ઉપવાસ, પિત્તના તાવમાં દસ ઉપવાસ, કફમાં બાર ઉપવાસ અને સંનિપાતમાં એકવીસ લંઘન; એટલું તો કરાવ્યે જ છૂટકો. તે વિના દોષ પાકે નહિ. કાચા દોષ-ત્રણે ય કાળમાં ભગવાન આવે, તો ય-નીકળે જ નહિ. તેમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંઘનવિધિ 'આરોગ્ય-સુધા' નામના પુસ્તકમાં આપવામાં આવ્યો છે.

આ વિધિ નક્કી કરનાર તેઓશ્રી પ્રથમ હતા. લંઘન ચાલતાં હોય, ત્યારે તેઓ દરદીના ખાટલે જ બેઠા હોય.

' દર્દ મટ્યા વિના દરદીને ગમે તેવી મુશ્કેલીમાં પણ ન જ છોડાય, તે તેમનો દૃઢ નિયમ.

તાવમાં લાંઘણ અને લાંઘણવિધિ બરોબર શીખવા ગઢડા જ રહેવા જેવું છે; તેમાં અતિશયોક્તિ નથી. અત્યારે પણ આ ગામમાં અને તેની આજુ-બાજુનાં ગામડાંમાં તાવ આવે, તો દર્દી પોતાની જાતે જ લાંઘણ કરી ઉતારી દે છે. એ દૃશ્ય મારા વસવાટ દરમ્યાન મેં નજરે જોયું, ત્યારે વિચાર આવ્યો: 'પ્રચાર શું ન કરે?'

૧૮ : સામ-નિરામ

બ્રહ્માએ સૃષ્ટિ રચવા પૂર્વે આયુર્વેદ લખ્યો; કારણ કે આ સૃષ્ટિ પહેલાં આવી અનેક સૃષ્ટિઓ હતી અને તેમાં આ સર્વ રોગ હતા; તે યાદ કરી તેમણે પોતાની એક લાખ શ્લોકોની બનાવેલી બ્રહ્મસંહિતા-માં લખ્યા.

હવે સૃષ્ટિ રચનારમાં જ કદાચ ખામી હોય, એમ ધારી માણસ પોતાનું ડહાપણ ઉમેરવા જાય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવ જેવા માણસોના અત્યંત કોમળ યંત્ર ઉપર અખતરા કરે, ત્યારે એ સુશિક્ષિત જનસમૂહના વિચાર ઉપર માત્ર એટલું જ કહેતા: "બિચારા બાળક છે. આપણે દયા ખાવી જોઈએ. બ્રહ્માની ભૂલ સુધારવા બહાર પડ્યા છે; પોતાની સ્થિતિયે નથી સમજતા. તેમનું વય સો વર્ષથી ઘટી ૨૩ વર્ષનું થયું. બળબુદ્ધિ ઓછાં થયાં, તોય વિચાર નથી કરતા. ભલે વિચારો બીજા દેશના અપનાવે, પણ તેમની પોતાની વિદ્યા ઉપર થોડું વધારે મનન કરે તો?"

પાકું નિદાન કર્યા પછી ચરક, સુશ્રુતમાં જે ચિકિત્સા પાઠવેલી હોય, તે જ કરે. એક પણ ડગલું આગળ નહિ ભરવાનું. કફ, વાત અને પિત્તના દોષ પ્રમાણે પથ્યાપથ્ય પળાવવામાં તો બહુ જ કડક. દરદી તેમાં આળસ કરે, તો માપવા માંડે; પણ દોષ સામ (કાચા રસવાળો) છે કે નિરામ (પાકો), તેની પ્રથમ પરીક્ષા કરવામાં તો ખૂબ ચોક્કસ. સામ દોષ હોય, તો લાંઘણ કરાવી, નિરામ (ધાતુઓને પાકી) બનાવ્યા બાદ જ ચિકિત્સા થાય.

દરદીઓ માટે આ આકરો ઉપાય છે. તેને માટે આખી જિંદગી તેમણે સહન કર્યું છે. તેમના એકે-એક શિષ્યના મગજમાં હથોડાની જેમ ઠોકીઠોકી ઊંડા ખીલા નાખ્યા છે, કે 'ઔષધ અમૃતના જેવો બરોબર લાગ્યા મુજબ ગુણ કરે, પણ શરીર કાચા રસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગરનું થાય ત્યારે. આમયુક્ત દેહમાં ઔષધ કંઈ કામ કરતું જ નથી.'

તર્પણ કરાવતા પહેલાં કર્ષણ જોઈએ જ; કર્ષણ એટલે નાડીશુદ્ધિ.

૧૯ : વાઢકાપ

વાઢકૂટિયા પાસેથી મોતિયાનું આપરેશન તેઓ શીખી આવેલા. બાકીનાં બધાં જ ઑપરેશન માટે રાત-દિવસ શ્રમ કરી સુશ્રુતના લખાણ ઉપર મનન કરી પોતે અમલ કરતા. આ ઉપરાંત પથરી, વધ-રાવળ, ભગંદર, મસા, નાનાં-મોટાં ગૂમડાં, આંખનાં તમામ ઑપરેશન, જલંદર-એ સર્વ ઑપરેશનનું વર્ણન લખવું મને અહીં ઠીક લાગતું નથી; પણ સર્વ સર્જરીના મહાન નિષ્ણાતો, તેમણે વાઢકાપ કરેલા દર્દીઓને અત્યારે પણ જુએ કે સાંભળે, તો ત્રીજા માણસ તરીકે, ડૉક્ટર તરીકે, નિષ્પક્ષપાતપણે કહું છું, કે તેઓ આયુર્વેદ-સર્જરીની સ્વમુખે પ્રશંસા કર્યા વિના નહિ જ રહે.

એક માસ ગઢડામાં રહી મેં મોતિયા, વ્રણ, પથરી, અસ્થિક્ષય, સારણગાંઠ, પરવાળાં, બીલ-આટલા કેસોમાં આયુર્વેદપદ્ધતિએ વાઢકાપ થતી જોઈ છે. વિશેષતઃ ઑપરેશન પછી ઘા પાકે નહિ, તે માટે ઉપવાસની જરૂર છે. સર્જરીમાં લોહી વહી ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદ પોષણની વાત નહિ, પણ ઉપવાસ કરાવવા, એ બધાને નવાઈ લાગે છે.

તેમના શિષ્યોને તેઓ વારંવાર કહેતા: 'અલ્યા ! તમે બધા આપણી દેશી સર્જરીની વિદ્યા ભણો. તમે ધારો છો, તેવી તે અઘરી નથી.

'ગણપતિનું માથું બીજું નવું ચોટાડી શકે, મૂળરાજ સોલંકીને તેની મૃત માતાના પેટમાંથી ઈજા વિના બહાર કાઢી જીવતો રાખે, લક્ષ્મણનાં બાણોથી વિંધાયેલા ઘાને તાત્કાળિક રુઝાવી કાર્ય કરતો રાખે, એવા વૈદ્યોના તમે વંશજ છો. સર્જનો તો તમે હો, કે બીજા દેશના !

'જે લોકો કહે છે, કે આર્યુવેદમાં સર્જરી ઉપર બહુ વિચાર થયો નથી અને પશ્ચિમની પ્રજાએ ખૂબ વિચાર કરી તેને વિકસાવી છે, તેઓ બિચારા અજ્ઞાની છે, એટલું જ કહેવું બસ છે.'

તેમના શિષ્યોમાં આ વાદકાપની વિદ્યાનું બીજ રોપનાર બાપા હતા. વૈદ્યે સર્જરીમાં પ્રવીણ થવું જોઈએ; તેથી જ પોતે સુશ્રુત પ્રમાણે ઑપરેશન કરી, તેમના શિષ્યોમાં તેનો રસ પેદા કરી, તેઓને સર્જરી કરતા કરી મૂકયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦ : હરડે

જેમ મહાવીરે ખૂબ તપશ્ચર્યા કર્યા પછી જનતાને બોધ આપ્યો, કે 'અહિંસા પરમો ધર્મ:' તેમ બાપાએ હરડેનું સેવન કરવાનો મંત્ર જનતાને આપ્યો છે. લાખોને તેમણે હરડે ખાતા કર્યા છે. જે માણસે જીવવું હોય, તેને તો હરડે વિનાનો એક પણ દી ન પાડવો જોઈએ. 'પૈસા ન હોય તો ચોરી કરીને પણ હરડે ખાવી.' હરડે એ રેચ નથી, પણ અવળા ગયેલા પવનને સવળો કરનાર, આયુષ્ય વધારનાર, ઘડપણ દૂર કરનાર, બુદ્ધિ વધારનાર, મનુષ્યમાંથી દેવ બનાવનાર, મડદાલમાંથી સમર્થ બનાવનાર, પુરુષાતન બક્ષનાર, આત્મા, ઇંદ્રિય અને મન પ્રસન્ન રાખનાર, જીવનમાં કંટાળો નહિ ઉપજાવતાં સ્વર્ગ બક્ષનાર, બેડોળપણું દૂર કરી સુંદરતા બક્ષનાર, આ સૃષ્ટિ ઉપરનું મહાન ઔષધ છે. એવું સત્ય તેમણે હજારોનાં હૃદયમાં કોતરાવ્યું છે. આથી જનતાનો મોટો વર્ગ તેમને 'હરડેવાળા વૈદ્ય' તરીકે પણ ઓળખે છે.

તેમણે રસાયન-પ્રયોગોનો અંધકાર દૂર કરી જનતાને જાહેર કર્યું, કે રસાયનમાં હરડે છે, આમળાં છે, બ્રાહ્મી છે, શંખાવલી છે, લસણ છે, ગૂગળ છે. એવાં કાષ્ટાદિ ઔષધ છે, પણ લોહ, તાંબુ, માક્ષિક, સોમલ જેવાં તીક્ષ્ણ દ્રવ્યોની ભસ્મોની વાત શુદ્ધ આયુર્વેદમાં નથી. આ સર્વમાં તેમને પ્રિય હરડે હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ તો તેઓ મોટી હરડે વાપરતા, પણ જ્યારે મોટી હરડેની બનાવટની ખબર પડી અને તે કિંમતમાં પણ વધારે લાગી, ત્યારે હીમજનો ખૂબ પ્રચાર કર્યો. હીમજ પણ હરડેની સાત જાતમાંની એક જાત જ છે અને મોટી હરડેના જેટલા જ તેમાં ગુણ છે. જ્યાં ત્યાં સુધી રોજ પાવલીભાર હરડે તેમણે ખાધા કરી છે. તેમનું નીચેનું સૂત્ર ભગતના ગામના સાયલા દરબારે પોતાના ઓરડામાં મોટા અક્ષરે કોતરાવ્યું છે :

"હરિ હરીતકી ચૈવ ગાયત્રી ચ દિને દિને
આરોગ્ય મોક્ષ તપઃકામી ચિંતયેત્, ભક્ષયેત્, જપેત્."

તેમના આ પ્રચારથી કાઠિયાવાડના કેટલાક દરબારો પોતાના દરબારગઢ પાસે એક કોઠી ઢળાવેલી હીમજની રાખતા થયા. ગામના માણસોમાંથી જેમને તેનું સેવન કરવું હોય, તેઓ ત્યાં આવી પાવલીભાર ફાકી, સવારમાં ફાકી ચાલ્યા જાય. કોઠી પાસે એવો એક માણસ જ ઊભો રહે, જે માપસર ડોઝ ખવડાવી દે.

હરડેનાં સદ્ગુણો ખોલવાની પ્રેરણા આપનાર માણસ જનસ્વાસ્થ્યનો કેવો ઉપાસક હશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧ : પરિણામદર્શી

તેઓ અસાધ્ય દરદીનો કેસ હાથમાં જ ન લે; પૈસાની કોઈ દિવસ આશા રાખે જ નહિ. જે કેસ હાથમાં લે, તેને પાર આણ્યે જ છૂટકો. મટ્યા સિવાય તેને મૂકે જ નહિ. હાલના વૈદ્ય-ડૉક્ટરો પરિણામદર્શી તો છે જ કયાં ?

'નેપાળો આપ્યા બાદ, કેટલા રેચ લાગ્યા ? શું થયું ?' એ તપાસવાનું કોઈ નહિ. જ્યારે બાપાના જીવનમાં તો જે તેઓ ગામમાં રહેતા હોય, તો તેઓ એક-બે દરદીની સાથે ચિકિત્સા કરે; પણ બહારગામ ગયા બાદ તેઓ જેને ત્યાં ગયા હોય, તેનું પૂરું થયા બાદ જ બીજાની વાત. એવા પરિણામદર્શી સ્વભાવના તેઓ હતા. દરદી માટે જે ગામમાં ગયા હોય, તે ગામ છોડે નહિ અને ઘર પણ ન છોડે; ખાટલે જ બેસી રહે. રાત આખી પથારી પાસે બેસી જાગતા જ હોય. રાત્રે હાથ ફેરવતા હોય. તાવવાળાને ૯૬° ગરમી આવે, ત્યારે જ ચોખા ને મગ શેકી બનાવેલી બીચડી દેવાય; એટલે રાત્રે પણ થર્મોમિટર મૂકી જોતા હોય; પણ એકનું દર્દ મટ્યા બાદ જ બીજાની વાત, એ નિયમ જિંદગીભર તેમણે તોડ્યો નથી. દરમ્યાન ગમે તેટલાં તાર-ટપાલ આવ્યાં હોય, તે ફાડી નાખી દેતા.

આ રીતે દરદીને આરામ થાય, એટલે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબ કોઈ દિવસ નાનભટ્ટ સિવાય બીજા વૈદ્ય પાસે પ્રાણાંતે પણ જાય જ નહિ.

તારવાળા માણસોને જવાબ ન મળે, એટલે તેમના પ્રત્યેનું માન થોડું ઓછું તો થાય; પણ હૃદયમાં એટલું તો ચોક્કસ લાગે, કે જો નાનભટ્ટ આવે, તો આપણો રોગ જડમૂળથી જાય.

આવી તનતોડ કાળજીથી, શાસ્ત્રાનુસાર ચિકિત્સાથી, પૂર્ણ મટાડ્યા સિવાય બીજે નહિ જવાના નિયમથી, ગાઉએ ફક્ત એક રૂપિયા જેવી નાની ફીથી, પરિણામદર્શી સ્વભાવથી, ચહા, બીડી અને બીજાને મુશ્કેલીમાં મૂકે એવી કોઈ પણ ટેવની ગેરહાજરીથી, તેમની સુવાસ ચારેય કોર પ્રસરી.

કોઈનું ય મન, વચન અને કર્મથી બરાબ તો ન જ કરવું, એ તેમના જીવનના કોષેકોષમાંથી નીતરતું.

ઘણા ડોકટરો તો હજી પણ તેમને ઉગ્ર સ્વભાવંવાળા જ ગણે છે.

વેદ ઈશ્વરપ્રણીત છે અને આયુર્વેદની ચિકિત્સાથી, ડોકટર હોય કે વૈદ્ય હોય, પણ વિરુદ્ધ જાય, તો મગદૂર નથી કોઈની, કે તેમની પાસે તે બેસી શકે. આર્યસંસ્કૃતિ પ્રમાણે ચાલતું હોય, ત્યાં તેઓ પોતાનો પ્રાણ પાથરતા. એકવાર તેમને લાગ્યું, કે માણસ લાયક છે, પછી જિંદગીભર તેની તબિયત માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપાને જ ફિકર. તેમના વિષે ગામમાં જ્યાંજ્યાં હું પૂછતો, ત્યાંત્યાં મને એક જ નાદ સંભળાય કે:—

'ભાઈ! અગ્નિનું જ સ્વરૂપ જોઈ લ્યો. ૮૦ વર્ષની ઉંમરે પણ રાતીરાણુ જેવા લાગે; પેટ મોટું, માથે ચોટલી. સાંનિધ્યમાં તો કોઈ બેસી જ ના શકે. સાધારણ વાત કરતા હોય, તો યે આજુબાજુનાં ૫૦ ઘર તો સાંભળતાં જ હોય; પણ પાશ્ચિમાત્ય સંસ્કૃતિની જ્યાં વાત આવી, ત્યાં એ વાત કરનાર માણસનું આવી બન્યું. રોજ શંકરની પૂજા નિયમિત કરે. ધંધામાં આળસ બિલકુલ નહિ અને બાપા ગામમાં આવે એટલે બધા જ ગામલોકોને આનંદ; પણ માંડ અઠવાડિયું જ રહે, ત્યાં તો તાર આવ્યો જ હોય.'

તેમની ભાષા એવી, કે જાણે દરદીના મનને તો મોટું પ્રાણુદા ઇંજેકશન મળતું હોય. જ્યાં બાપા આવ્યા કે દરદીને કહેવા માંડે:

"બાપા! તારો રોગ મારાથી મટવાનો જ છે. ત્રણ દિ'માં તું સારો થઈ જઈશ; ના મટે તો હું નાનભટ્ટ વૈદ્ય નહિ. તું તારે લહેર કર. ત્રણ કાળમાં તારો રોગ અસાધ્ય નથી. તારે તો લહેર—આનંદ કરવાનાં, મારે મટાડવાનું." આવાં જોરદાર વેણોથી તેમના સહવાસે હંમેશાં મન તો આપણું બળવાન જ બને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગની સમજણ પણ તેઓ સરળ રીતે આપે: 'અલ્યા ! તું બાય છે, તેની પાઘરી ચીકાશ જ બની કફ થઈ બહાર આવે છે; તેથી તને બાંસી ને ગળફા છે. તું હલકો બોરાક બા. આદાનો રસ પી અને હરડે બા.'

એકવાર જજરામાંથી નીકળ્યા બાદ જે શેઠને ત્યાં ઊતરેલા તેને બોલાવ્યો: 'શેઠજી ! મારા પહેલાં તમારા ઘરમાંથી કોણ જાજરૂ ગયેલું ?'

'બાપા ! હું જ ગયેલો.' શેઠે જવાબ આપ્યો.

'અલ્યા ! બે લોટા પાણી મેં રેડ્યું, તો યે ઝાડો હજી પણ પાણે ચોટી રહ્યો છે. આટલી ચીકાશ ઝાડામાં જાય છે, તો ય હજી તું બોરાક તો બાધા જ કરે છે. ઉપવાસ ન થાય તો બોરાક ઓછો કરી દે, હલકું બા અને હરડેનું સેવન કર. ઝાડામાં આવી ચીકાશ જાય છે, એટલો કાચો રસ શરીરમાં ભર્યો છે; એટલે તમે હજારો રૂપિયાની દવા બાવ, પણ શાની અસર કરે ?'

'અસાધ્ય રોગ ઉપર દવા એટલા માટે ન કરતા, કે આયુર્વેદ જેને અસાધ્ય કહે, તે આપણાથી શેં મટે ?'

આ રીતે બાપા મિથ્યા આહાર-વિહાર થાય, ત્યાં ઉગ્ર; નહિતર અત્યંત માયાળુ, વિદ્યાભ્યાસમાં જ રત રહેનારા, સાદા-બહુ ગંભીર કે વેદિયા નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રમૂજી, તારીખ કે ટાઈમને નહિ, પણ હેત અને ભાવને વશ.

પુસ્તકના ઘણા શોખીન. વૈદ્યનું કોઈ પણ પુસ્તક બહાર પડ્યું, કે તરત જ તેની ખરીદી કરી લે; પછી કબાટમાં જતા પહેલાં તેને બે–ત્રણ વાર વાંચી લે. તેમાં ગોખવા જેટલું હોય, તે કંઠસ્થ કરી લે.

માથાનો ફેંટો ફાડી, દરદીની આંખોએ પાટા બાંધી, વરસે ફેંટો પૂરો કરનારને સ્વાર્થની તો વાત જ કયાંથી હોય ?

આવા નિઃસ્પૃહી, આચરણમાં સાચા બ્રહ્મજ્ઞાની, બીજાનાં દુઃખમાં જ ભાગ લેનાર ભાવનાશીલ, ૪૦ વરસે વિધુર બનેલા, એટલે છેવટનાં ૪૦–૪૫ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળેલું; એ આર્ય વ્યક્તિ ખરેખર વંદન કરવા જેવી હતી.

૨૨ : પોષાક

મલમલની જામનગરી પાઘડી. મહિને પંદર રૂપિયા આપી પાઘડી બાંધનારને સ્વગૃહે રાખી, તેની પાસેથી બાંધતાં શીખેલા.

શીખવા માટે હજારો રૂપિયા ખર્ચે, પણ પોતાની જરૂરિયાતની કળા–કારીગીરી પોતાને આવડવી જ જોઈએ, તે તેમની વિશેષતા હતી. હિંદુઓએ અત્યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી ગુણની પૂજા કરી છે; પદાર્થની સુંદરતા કે મોહની નહિ; એટલે આપણે તો સર્જક, સંશોધક હોઈએ, કે બીજાઓનું અનુકરણ કરનારા ?

વાણિયાશાઈ અંગરખું–ચાર–પાંચ કોસોવાળું, મલમલનું ઝીણું ધોતિયું ૧૦ હાથનું, પગમાં મોજડીઓ અને ખભા ઉપર ખેસ. કુટુંબના સઘળા માણસો ત્યાર પછી એવો જ બાદશાહી ફેંટો, અચકણ, ઝીણું મલમલનું ધોતિયું અને મોજડીઓ જ પહેરે છે.

પહેરવેશ ઉપર વાત નીકળતાં બાપુજી મને રોજ ટકોર કરતા:

"એ ડોકટર સા'બ! આ બે પૈસાની ટોપી વિદ્વાનને શોભતી હશે ? બાળકના જેવું ઝભલું અને આ ફેંટાથી કેવો પ્રભાવ પડે છે!"

૨૩ : ખોરાક

બાંધાના ભારે શોખીન. ઘણીવાર તો જાતે જ પકાવતા. જે જે દીકરીઓના પ્રસંગમાં આવતા, તેમને શિખામણ આપે: "બહેન! તમે રાંધણકળામાં હોશિયાર છો. હવે તમે આપણા ખોરાકમાં જે જે શાક–પાંદડું, ઘઉં–બાજરો, ઘી–દૂધ, મસાલા વપરાય છે, તેમના વેદ ભગવાને કહેલા ગુણ–દોષ અને કયા કયા રસો છે, શું હલકો અને શું ભારે ? માંદાનો ખોરાક શું અને સાજાનો શું ? કયો અગ્નિ મંદ પાડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાર ને કયો અગ્નિ વધારનાર છે? સૃષ્ટિમાં કયો ખોરાક ખાનારાઓ વધુ સફળ થયા છે? બસ! આટલું જ જાણી લો, તો તો ભારે વાત. જેમ કે લસણનું શાક છે, તેમાં પાંચ રસ છે; આપણા શરીરમાં છ રસ જોઈએ. ખાટો રસ તેમાં નથી; તેથી લસણનું શાક કરવું હોય, તો દહીં નાખી કરીએ, તો છએ રસ પૂરા થાય; સારું લાગે અને પૂરતું પોષણ મળે."

તેઓ જ્યાંજ્યાં જાય, ત્યાંત્યાં જેને જેવું ભાવતું હોય, તેવું જ્ઞાન વિના માગ્યે પીરસવાનો તેમનામાં મહાન ગુણ હતો.

તીખાં તમતમતાં શાક, લસણ, કાંદા, તેલ જેવાં અગ્નિવર્ધક દ્રવ્યો વિનાનો થાળ હોય જ નહિ.

તાવ આવે, ત્યારે પરેજી પળાવવાની; બાકી અગ્નિવર્ધક પદાર્થો અને સાત્ત્વિક ભોજન ખૂબ આનંદ અને લહેરથી ખાય અને ખવડાવે.

તેઓ લસણ, આદું, મરચાં અને તીખાં તમતમતાં શાકના ભારે શોખીન.

પાછલી ઉંમરમાં બાપા દૂબળા પડ્યા. બીસામાં પૈસો તો મળે જ નહિ, એટલે ધંધા વગર બેસી રહે, તો પાલવે પણ નહિ; પણ સોજા વધી જવાની બીકે તેમને મહિનો ગઢડા રોકાઈ દૂધનો પ્રયોગ કરવાનું મન થયું; પણ પૈસા કયાંથી લાવવા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈની પાસે માગવાની તો બાધા. છેવટે પ્રભાશંકર પાસે માગું એમ કચવાતા મને વિચાર કરી પત્ર લખ્યો. પુત્ર પાસે ફક્ત પચાસ જ રૂપિયા હતા; તેમણે એટલા તરત જ મોકલી આપ્યા. બીજે દિવસે અમદાવાદના મીલમાલિક રા૦ પોપટલાલ નગરીને ખબર પડી, કે બાપા ગઢડામાં છે અને દૂબળા પડ્યા છે.

"અરે ! એ સંન્યાસી પાસે ખાલી ઝોળી. એનું શું થશે ? દરદીના પૈસા તો લેતા નથી. દૂધનો પ્રયોગ એ કયાંથી કરવાના ? ધંધો કરી શકે એવી તો સ્થિતિમાં નથી."

શેઠિયાએ ઉપરોક્ત શબ્દો ઉચ્ચારી તરત જ દોઢસો રૂપિયાનો મનીઑર્ડર કરી દીધો. બાપાએ દૂધનો પ્રયોગ કર્યો અને પાછા તેઓ સાજા થઈ ગયા.

દૂધ અને માંસરસ સજાતિય હોવાથી તાત્કાલિક નાડીઓમાં ચઢી બળ આપે છે; માટે દૂધ–ઘી ખૂબ ખાવાં, એ મતના તેઓ ઉપાસક હતા.

પણ હરડેનું સેવન ભૂલવાનું નહિ, એ દૂધાદિ સાથેની વસ્તુ ભૂલવા જેવી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪ : કાશીયાત્રા

નાનભટ્ટની પ્રતિષ્ઠા જેમજેમ વધતી ગઈ, તેમ-તેમ માન અને આબરૂ વધતાં ગયાં. આબરૂ માણસ પાસે શું ઘસડી નથી લાવતી ?

ગામના માણસો આ કીર્તિની અદેખાઈ કરતા હોય કે રામ જાણે શાથી; પણ કહેવાય છે, કે અણ-બનાવ થયો. વાદળાં વિના સૂર્યની પૂરેપૂરી કિંમત શેં અંકાય ? આ કંકાસથી નાનભટ્ટ બાપા કાશી જતા રહ્યા. દીકરો પ્રભાશંકર અને દીકરી મણિબા પણ સાથે. જ્યાં જાય, ત્યાં લોહીનો ગુણ, હેત ખેંચી લાવ્યા વિના રહે શાનો ?

રાય અને રંક સર્વને સરખું જ ધ્યાન. ગરીબોના કેસ સારા થતા જાણી, રાજાને પણ પોતાનો મોતિયો નાનભટ્ટ પાસે ઉતરાવવાનું મન થયું; અને નાનભટ્ટે કાશીના રાજાનો મોતિયો ઉતાર્યો, એટલે ત્યાં પણ પ્રતિષ્ઠા વધી અને કમાણી સારી થઈ.

વેદાંતનો અભ્યાસ તો સારો હતો, પણ કાશીના મરણની મહત્તા તેમને નહિ સમજાઈ હોય, એટલે છ જ મહિનામાં તેઓ વતનમાં પાછા ફર્યા.

ફરી ગઢડા આવ્યા બાદ, તેમનો ધંધો પૂર-જોસમાં ચાલ્યો.

ગામમાં તપાસણી-ફી એક રૂપિયો રાખેલી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારગામ જવું હોય, તો ગાઉએ એક રૂપિયો અને જો રાત રહેવું પડે, તો ત્રણ રૂપિયા ફીનો ઠરાવ બાંધેલો.

તેમાં પણ જે પ્રથમ આવે, પછી તે ગરીબ હોય કે ધનવાન હોય, તેના પર જ ધ્યાન; ક્રમેક્રમે કેસ લે અને શક્તિ પ્રમાણે દવા કરે અને પથ્ય પળાવવામાં પોતાનો ફાળો આપે. આ પ્રમાણે બાપા લગભગ ચાલીસ વર્ષના થયા. તે અરસામાં બાબરા-એક એજન્સીના ગામના રહીશ રા૦ નરસિંહભાઈ વકીલની દવા ચાલતી હતી. નરસિંહભાઈ ઉમદા કુટુંબના સજ્જન હતા. તેમને બાપા સાથે ઘણું હેત. બાપાને તે તેમના ઠરાવ પ્રમાણે ફી ભરતા; પણ 'અવતાર-ચરિત્ર' નામનું પુસ્તક વકીલ સાહેબ વાંચતા, ત્યારે તેમાં ધન્વંતરીનું જીવન વાંચતાં એક પ્રસંગ આવ્યો. તેમાં ભગવાન ધન્વંતરી તેમના શિષ્યોને ઉપદેશ આપે છે:-

"નિર્લોભ રહિયો નિદ્વાન,
સો વૈદક વિધિ સફળ વિધાન."

આ અવતારચરિત્ર નાથા કવિ-રચિત છે. તેમને વિચાર આવ્યો, કે નાનભટ્ટ બાપાને લખું, કે ધન્વંતરી-એ આવો ઉપદેશ શિષ્યોને આપ્યો છે. તેમણે પત્ર લખ્યો.

શાણાને સાન, તેજીને ટકોર. બાપાના હાથમાં પત્ર આવ્યો. વાંચ્યો, તે જ દિવસે 'પણ' લીધું, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજથી કોઈ દિવસે દરદી પાસે પૈસાની આશા જ રાખવી નહિ; અને આ નિયમ પાળતાં પ્રભુ જેમ રાખે, તેમ રહેવું.

મરતાં સુધી આ નિયમ તેમણે પાળ્યો છે. નિયમ પાળતાં ઘણાં કષ્ટો તેમણે સહન કર્યાં છે. તેમના હિતેચ્છુઓ આવાં દુઃખોમાં તેમને ખૂબ સંભળાવતા, ત્યારે એટલું જ કહેતા: "પાંડવોનાં દુઃખ આગળ આપણું દુઃખ શી વિસાતમાં છે? દુઃખમાં જ ભગવાન આપણી ભાઈબંધી કરે છે; સુખમાં નહિ."

૨૫ : શિષ્યો

ધંધો કરવો એટલે પૈસા કમાવા, એ લક્ષ્ય તેમનું નહોતું. આયુર્વેદનો પ્રચાર કેમ થાય અને દેશના માનવીઓ સૌથી પ્રથમ તેમના પૂર્વજો જેવું આરોગ્ય કેમ મેળવે, એ જ તેમની નિષ્ઠા. એક શિષ્યે એકવાર કહ્યું: "બાપા! હવે લગભગ ૪૦૦–૫૦૦ રૂા.ની મારી મહિનાની પ્રેક્ટિસ આપની કૃપાથી છે."

"અલ્યા! શું બોલે છે?

મેં હવે તારા નામનું નાહી નાખ્યું.

તું કમાવા મંડ્યો એટલે ભણવાનો શાનો? મૂરખ! સોનાનો ઢગલો છોડી ધૂળના ઢગલાને ચાહતો તું કયારનો થયો!

ગાંડાઈ છોડી રોજ બે કલાક ભણવાના કાઢ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો આગળ ધપવું હોય તો. તારો ધર્મ દેશના માણસને તાંબા જેવા બનાવવાનો અને તે પોતાની ફરજ દરેક રીતે બજાવી શકે તેવું શરીર કરવાનો અને એ શરીરને સાચવવાનો છે અને તેના માટે તારામાં જ્ઞાન અને કર્મ બન્નેનો સમન્વય હોવો જોઈએ.

એટલે બે-ચાર કલાક ભણ અને પૈસા કમાવાના મોહમાં ના પડ, જો મારા ગરીબનું માને તો!"

તેઓ એલોપથીનું ખંડન દ્વેષથી નહિ, પણ સત્ય દલીલોથી કરતા. રાજા-મહારાજાઓને પણ ન્યાયથી સમજાવતા, કે જીવવું હોય, તો આયુર્વેદની સલાહ પ્રમાણે ચાલવું. ચાલીશ વર્ષની ઉંમરથી તો ઘણા શિષ્યો તેમની પાસે જ રહેતા. મુખ્ય શિષ્યોમાંના આજે-

(૧) મણિશંકરભાઈ (શેખના પીપરિયાના), (૨) વલ્લભરામભાઈ (ચુડા ભડકવાના), (૩) દયાશંકર-ભાઈ પાલડીવાળા (શીહોર), (૪) જટાશંકરભાઈ (અમરેલી પાસે ભોરિંગડાના), (૫) જયશંકરભાઈ (ગઢડાના) અને (૬) શાંતિભાઈ વૈદ્ય (લુણાવાડાના) હયાત છે.

શિષ્યોને પ્રથમ વાત, પિત્ત અને કફના દોષ શું છે, તેનાં કારણો, લક્ષણો અને તેમના ઈલાજ સાથે વગેરે વાતો સંભળાવી-સંભળાવી ઠસાવતા. ત્યારબાદ શાર્ઙ્ગધર, માધવ, ભાવપ્રકાશ અને યોગશતક પણ ભણાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકલું યોગશતક જ વૈદ્ય બનવા પૂરતું છે, એમ ખૂબ ભાર મૂકતા.

પછી પોતાની સાથે લાયકાત અનુસાર જોઈતા શિષ્યોને બોલાવી લેવડાવી પોતાની સાથે ફેરવે.

એક ગામથી બીજે ગામ ચાલીને જાય. રસ્તામાં ઝાડપાનની ઓળખ શિષ્યોને આપતા જાય, ફળફળાદિ ખાતા જાય અને વચ્ચે આવતાં ગામડાંઓના માણસોનાં દરદોનું નિવારણ કરતા જાય.

શિષ્યોને આ રીતે આચરણથી દાખલો બેસાડતા, કે હિંદુસ્તાનમાં સેવા કરવી હોય, તો જ્ઞાન સાથે કર્મ અને બ્રહ્મભાવની ભાવના જોઈએ.

તાલુકા જેવું ગામ આવે ત્યાં પડાવ નાખે, ઢંઢેરો પિટાવે અને દરદીઓને ભેગા કરી મોતિયા, પરવાળાં, વેલ, વધરાવળ, જલંદર વગેરેનાં ઑપરેશન શિખવાડે, જુદાજુદા રોગોનાં લક્ષણો બતાવે. વેદાંતની ચર્ચા ચાલે અને એલોપથીમાં શું નવું શોધાયું, તેના સાર-અસાર ઉપર વિચાર ચાલે ને શિષ્યોને લહેર આવે.

શિષ્યોના સ્વમુખેથી મુસાફરીની લહેજત સાંભળવા જેવી છે. મુસાફરી તો તેમને બારેય માસ ચાલુ હોય, એટલે જિંદગી સુધી શિષ્યો પાસે જ રહ્યા છે. તેમનાં કપડાંલત્તાં, ખાવાપીવાનું, ઘરનું અને પુસ્તકનું ખર્ચ પોતે જ ઉપાડી લેતા. એકવાર ઘરના માણસોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું, કે આ તમારા ચેલાઓની ભાંગફોડ અમને પોષાતી નથી, ત્યારે તેઓએ ઉત્તર આપ્યો:–

'પણ તમે કયે દિવસે વસ્તુ વગર અટકી રહ્યા? તમારા મનમાં કે તમારું બધું નાનભટ્ટ પૂરું કરે છે, પણ પૂરું કરનાર તો બીજા જ છે. નાહક અભિમાનમાં શું કરવા તણાવ છો?'

૨૬ : સ્વર્ગવાસ

"બાપા માંદા છે; વળતી ગાડીએ આવો." એવો તાર અમદાવાદ રહેતા તેમના પુત્ર પ્રભાશંકર પર આવ્યો અને પ્રભાશંકરભાઈ ગઢડા પહોંચ્યા.

બાપા પક્ષાઘાતમાં સપડાયેલા; ભાન તો હતું જ નહિ.

પ્રભાશંકરભાઈએ ઘરનાં માણસોને કહ્યું: "બાપા હવે સાડાત્રણ દિવસ જીવશે." ચોથે દિવસે તેમણે દેહ છોડ્યો (વિ. સં ૧૯૯૧માં). આ સમયે તેઓનું ૮૭મું વર્ષ ચાલતું હતું.

પુત્રની આંખમાંથી અશ્રુસ્રાવ થયો. "આજે આયુર્વેદના જ્ઞાનનો સૂર્યાસ્ત થયો."

એ ઘેલા નદીને કાંઠે આજે પણ તે જગ્યા પર જઉં છું ને મારું મન ગમગીન થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

શાસ્ત્રગ્રંથો–મૂળ તથા અનુવાદ

શતશ્લોકી અને બીજાં ચાર રત્નો–શ્રીશંકરાચાર્યકૃત ૦–૧૨
સ્તોત્ર સંગ્રહ–શ્રીશંકરાચાર્યકૃત ભક્તિ ને વેદાંત–સ્તોત્રો ૦–૧૦
સર્વવેદાંત–સિદ્ધાંતસાર–સંગ્રહ–શ્રીશંકરાચાર્યકૃત ૧–૪
વિવેકચૂડામણિ–શ્રીમત્ શંકરાચાર્યકૃત : મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૦–૧૨
બળવાન બનો !–કર્મનો શ્રેષ્ઠ ઉપદેશ ૦–૮
એકાદશ સ્કંધ–મૂળ સહિત સરળ ભાષાંતર ૧–૪
જીવન્મુક્તિવિવેક–મુક્તિ માટે માર્ગદર્શન આપતો ગ્રંથ ૧–૪
અષ્ટાવક્રગીતા–શ્લોકો તથા સરળ અર્થ ૦–૮
મહાવાક્ય રત્નાવલિ–સરળ અર્થ સાથે ૦–૧૨
ઉપનિષદો–૧૧૨–ત્રણ ગ્રંથોમાં ... ...
એકાદશ ઉપનિષદો–મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૨–૮
બૃહદારણ્યક–મૂળ શ્લોકો સાથે સરળ ભાષાંતર ... ૧–૮
સો ઉપનિષદો–૨૩ મૂળ સાથે સરળ ભાષાંતર અને ૭૭ ઉપનિષદોનું ભાષાંતર–સારરૂપે ૪–૦
વિદુરનીતિ–મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૦–૧૨
મનુસ્મૃતિ–સરળ ભાષાંતર, મૂળ શ્લોકો સહિત ... ૩–૦
આર્યધર્મનીતિ ને **ચાણક્યનીતિસાર**–પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો, સરળ અર્થ સાથે... ૦–૮
વિષ્ણુસહસ્રનામ–વિષ્ણુનાં હજાર નામો, અર્થ સાથે... ૦–૪
ધમ્મપદ–મૂળ તથા ભાષાંતર-પં. ભેરવદાસ દોશીની ટીકા સાથે ૧–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રગ્રંથો–માત્ર અનુવાદ

યોગવાસિષ્ઠ મહારામાયણ–ચાર દળદાર ગ્રંથોઃ
વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને
નિર્વાણ–એ ૭ પ્રકરણો–મોટા અક્ષરોમાં ... ૧૨–૦

લઘુ યોગવાસિષ્ઠ–બૃહદ્ યોગવાસિષ્ઠના સારરૂપ પુસ્તક ૨–૮

વિચારસાગર–વેદાંતના દોહનરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક ... ૨–૮

શ્રીમદ્ ભાગવત–એ ગ્રંથમાં–ભાષાંતર, ૨૭ ચિત્રો સાથે ૮–૦

,, ,,–ભાગ બીજો–(આવૃત્તિ ૮મી) છૂટક મળશે. ૩–૦

ભગવતી (દેવી) ભાગવત–સરળ ભાષાંતર, મોટા અક્ષરો ૬–૦

શાંતિપર્વ મહાભારતનું–રાજધર્મ, આપદ્ધર્મ અને
મોક્ષધર્મ–ચાર વર્ણ, આશ્રમના સામાન્ય ધર્મો ઇ૦ ૭–૮

સંપૂર્ણ મહાભારત (ભાષાંતર)–દળદાર સાત ગ્રંથોમાં ૪૫–૦

અન્ય ધાર્મિક ગ્રંથો

આત્મસાક્ષાત્કારની કસોટી–સ્વામી સ્વયંજ્યોતિતીર્થ ૧–૪

આત્મરામાયણ–રામાયણનું ટૂંકી કથા સાથે તત્ત્વજ્ઞાન
સમજાવતું અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક ... ૦–૧૨

મોક્ષમાળા–શ્રીમદ્ રાજચંદ્રકૃત જૈન તત્ત્વજ્ઞાનનું ઉત્તમ પુસ્તક ૧–૪

પ્રભુમય જીવનનું રહસ્ય–મહાપુરુષોના ઉપદેશની
વાનગી તથા ભજનો ઇત્યાદિ ૧–૦

વિવેકાનંદસાર–વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના
સારરૂપે વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ... ૨–૦

સ્વરૂપવિચાર–ગુરુ–શિષ્યના સંવાદરૂપે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ૦–૧૦

તુકારામ–ગાથા–એ ગ્રંથોમાં–પ્રભુપ્રેમ, ભક્તિ, જ્ઞાન અને
વૈરાગ્યપ્રેરક ૪૧૪૧ મરાઠી અભંગોનું સરળ ભાષાંતર ૬–૦

સ્વામી રામતીર્થના સદુપદેશો–આત્મકૃપા, બ્રહ્મચર્ય,
રાષ્ટ્રીય ધર્મ, આત્મસાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ પણ પુરુષાર્થ, યજ્ઞનું રહસ્ય, આનંદ, જીવતો કોણ છે ? વગેરે બાબતો સમજાવતાં—

વ્યાખ્યાનો ઇત્યાદિ (ગ્રંથ ૧લા રૂપે) ... ૨–૮

સદુપદેશો (ગ્રંથ ૩જા રૂપે) ૨–૮

સ્વામી વિવેકાનંદના ઉપદેશો–ધર્મ એટલે શું ? ભક્તિનું ખરું સ્વરૂપ, વેદાંતનું કાર્ય, ભરતખંડનું ભવિષ્ય, આપણું કર્તવ્ય, પુનર્જન્મ, ભક્તિયોગ, મૂર્તિપૂજા, પ્રભુપ્રેરિત વાતો, પત્રો ઇત્યાદિ

સદુપદેશો (ભાગ ૪–૫ રૂપે)–આવૃત્તિ ૨જી ... ૨–૪

ભક્તિયોગ–આવૃત્તિ ૨જી (ભાગ ૮મા રૂપે) ૧–૮

પાતંજલયોગ ને **જ્ઞાનયોગ**–(ભાગ ૧૦–૧૧ રૂપે) ૨–૦

પાતંજલ–યોગસૂત્ર–ભગવાન પતંજલિનાં યોગસૂત્રો, અર્થ તથા સ્વામી વિવેકાનંદના વિવેચન સાથે ... ૧–૦

જ્ઞાનયોગ–આત્મા, વ્યાવહારિક વેદાંત, કલ્યાણનો પંથ, યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયી વગેરે ઉપર સ્વામી વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો ૦–૧૨

રાજયોગ (સ્વામી વિવેકાનંદકૃત)–સાધન, પ્રાણ, પ્રાણનું આધ્યાત્મિક રૂપ, પ્રાણનો સંયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, ઇત્યાદિ... ... ... ૦–૧૨

આખ્યાનમાળા–એ ગ્રંથમાં–સ્વ૦ અનંતપ્રસાદકૃત ઋષિ–મુનિઓ તથા દેવ–દેવીઓનાં કુલ ૪૩ આખ્યાનોનો ઉત્તમ સંગ્રહ ૬–૦

વૈદિક વિનય–દરરોજના સ્વાધ્યાય માટે પસંદ કરી ચૂંટેલા ૩૬૦ વેદમંત્રો, ભાષાંતર તથા વિસ્તૃત સમજૂતી સાથે ૩–૧૨

ઉપદેશ–સાર–સંગ્રહ–મહાત્મા તિરુવલ્લુવરના ઉપદેશો ૧–૮

સુબોધરત્નાકર–ધર્મનીતિનાં પ્રેરક ૧૦૫ ટૂંકાં દૃષ્ટાંતો ૧–૮

વિભુની વાટે અને **રામાયણની રત્નપ્રભા**–

ગુરુ–શિષ્યના સંવાદરૂપે બોધ અને યુગતુલના ૦–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ૦ પઢિયારકૃત પુસ્તકો

સ્વર્ગનું વિમાન–ભક્તિમાર્ગના ટૂંકા ૩૨૫ રમૂજી દા. ૨–૦
સ્વર્ગની ફૂંચી–સદ્‌વર્તન રાખતાં શીખવનારું પુસ્તક ૨–૦
સ્વર્ગનો ખળભો–ભક્તિમાર્ગની ત્રીજી ચોપડી-દૃષ્ટાંતો સાથે ૨–૦
સ્વર્ગનો પ્રકાશ–જ્ઞાન અને પરમાર્થ સંબંધી વાતો ૨–૦
સ્વર્ગની જિંદગી–કંગાળ મનોદશા માટે ભોમિયારૂપે ૨–૦
સ્વર્ગનો આનંદ–ભક્તિના અનેક પ્રકારો ને તેમની સમજ ૨–૦
સ્વર્ગની સીડી–મોક્ષમાર્ગનાં ૧૨ પગથિયાંની સમજ ૨–૦
સ્વર્ગની સડક–સ્વર્ગપ્રાપ્તિ માટેનો રસ્તો બતાવનાર ૨–૦
સંસારમાં સ્વર્ગ–સંસારને સ્વર્ગરૂપ બનાવનારું પુસ્તક ૨–૦
સાચું સ્વર્ગ–ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો ... ૨–૦

રામાયણો

ગિરધરકૃત રામાયણ–કવિ ગિરધરદાસકૃત રાગ–રાગણીમાં ૪–૮
તુલસીકૃત રામાયણ–બે ભાગમાં, દુહા–ચોપાઈ
ગુજરાતી લિપિમાં અર્થ સાથે (૩૨ ચિત્રો) ... ૮–૦
તુલસીકૃત રામાયણ–ભાગ રજો–આવૃત્તિ છઠ્ઠી ... ૩–૦
વાલ્મીકિ રામાયણ–નવી આવૃત્તિ છપાશે.
„ „ –ભાગ બીજો (આવૃત્તિ ત્રીજી છપાઈ મળશે.) ૩–૦

જીવનચરિત્રો

સ્વામી સહજાનંદ–ચરિત્ર ને ઉપદેશો ૧–૮
સાધબાબા–શિરડીના પ્રખ્યાત સંતનું ચરિત્ર ૩–૦
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, વેદાંતના ઉપદેશો સાથે ૩–૦
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં, વિસ્તૃત ચરિત્ર ... ૬–૮
જ્ઞાનેશ્વર મહારાજ ને **મહાત્મા એકનાથ**–બે ચરિત્રો ૨–૮
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્‌ભુત ચરિત્ર ... ૨–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદ–વિસ્તૃત ચરિત્ર ૩–૦
સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર ૨–૮
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને **શિવાનંદજી**નાં ચરિત્રો ૧–૬
શ્રીરામચંદ્ર દત્ત ને **નાગ મહાશય**નાં ચરિત્રો ૧–૦
મહાત્મા સરયુદાસજી, ભૂધર ભક્ત ને **જાનકીદાસજી**નાં ચરિત્રો ૦–૧૦
ભક્તચરિત્ર–નાભાકૃત ભક્તમાળમાં નહિ આવેલાં ૨૯ ભક્તોનાં અદ્‌ભુત અને પ્રેરણાદાયી ચરિત્રો ... ૨–૮
આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ રજો–દેશ–પરદેશના મહાન પુરુષોનાં બોધક ૭૦ ટૂંકાં ચરિત્રો ૨–૮
ભારતના વીર પુરુષો–મધ્યયુગમાં થઈ ગયેલા ઐતિહાસિક ૪૦. ભારતીય વીર પુરુષોનાં ચરિત્રો ૧–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**–મારવાડના રજપૂત-યુગના નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત ... ૧–૦
મુસ્લિમ મહાત્માઓ–૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્રો–દરેક સંતના ઉપદેશ સાથે ૨–૪

સંતવાણી, ભજનો ઇત્યાદિ

કર્મગાથા–કર્મની શ્રેષ્ઠ ભાવના સૂચવતો કાવ્યસંગ્રહ ૧–૦
પરિચિત પદસંગ્રહ–પસંદ કરી ચૂંટેલાં ૬૯૭ ભજનો ૧–૧૨
મીરાં ને **નરસિંહ**-સં૦ : ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દ્વિવેદિયા : પસંદ કરેલાં ૧૯૩ ભજનો તથા પદો ૦–૧૨
ભજનસાગર–જુદાજુદા ભક્તોનાં ૯૩૧ ઉત્તમ ભજનોનો સૌથી મોટો ને સસ્તો સંગ્રહ ૨–૮
અખાની વાણી–અઘરા શબ્દોના અર્થ તથા સુધારા-વધારા સાથેની ત્રીજી આવૃત્તિ ૩–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રીતમદાસની વાણી–ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇત્યાદિનો સંગ્રહ ૨–૮

દીવાને સાગર–પ્રભુપ્રાપ્તિ અને જીવનસાફલ્યનો ઉલ્લાસ આપતો સ્વ૦ 'સાગર'ની ગઝલોનો સંગ્રહ ૪–૮

તુકામ્હણે–સંત તુકારામના અભંગોમાંથી ખાસ પસંદ કરેલા અભંગોનો સંગ્રહ (મરાઠીમાં)... ૦–૫

સ્ત્રી તથા બાળોપયોગી ગ્રંથો

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો–સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ ઇ૦ અનેક વિષયો ૧–૮

કલ્યાણમયી–(આવૃત્તિ ૨જી), વાર્તાના સ્વરૂપમાં, સ્ત્રી–ઉત્કર્ષની ભાવનાને રજૂ કરતો ગ્રંથ ... ૧–૦

શ્રીશારદામણિ દેવી–ટૂંકું ચરિત્ર ૦–૮

ભારતની દેવીઓ–ત્રણ ગ્રંથો : પ્રાચીન તથા અર્વાચીન ૫૨૮ સતીઓનાં ચરિત્રોનો સૌથી મોટો સંગ્રહ ૯–૦

ટૂંકી વાતો–ગ્રંથ ૧લો–સામાજિક નિર્દોષ ૬૬ વાતો ૨–૮

,, – ૨જો–કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાતો ૨–૮

,, – ૩જો–સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ વાતો ૨–૮

,, – ૪થો–સર્વ માટે ઉપકારક ૮૬ વાતો ૨–૮

બાલભારત–(સચિત્ર)–સંક્ષિપ્ત 'મહાભારત'... ... ૧–૮

બિરબલ અને બીજા–લે૦ જ્યોતીન્દ્ર દવે : બાદશાહ અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ ૧–૮

સદ્‌ગુણી બાળકો–૬૯ ખરા બનાવોનો સંગ્રહ ... ૦–૮

બાળસદ્‌બોધ–(સચિત્ર) વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ... ૦–૮

સુબોધક નીતિકથા–બાળોપયોગી ૧૫૨ બોધપ્રદ વાતો ૦–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકોની વાતો–ભાગ ૧લો : બોધપ્રદ ૨૧ વાતો ૦–૬
,, –ભાગ ૨જો : બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ ૦–૮
સુબોધપુષ્પવાટિકા–ગુલિસ્તાં (!)મહાત્મા શેખ સાદીકૃત,
રાજાની તથા ત્યાગીની રહેણીકરણી, મૌનનો મહિમા,
શિક્ષણનું ફળ ઇત્યાદિ અનેક ઉપદેશો ... ૦–૫

પ્રકીર્ણ સાહિત્ય

ભારતીય સંસ્કૃતિ–શ્રી. મુનશીના લેખોનો સંગ્રહ ૦–૧૨
સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો–૮૫ બોધક પત્રો ૧–૪
સુવર્ણયુગ–શ્રી. કનૈયાલાલ મુનશીના લેખોનો સંગ્રહ ૦–૮
આત્મનિરીક્ષણ ને સંકલ્પ–રમણલાલ વ૦ દેસાઈ : ૧–૦
ગુજરાતની ગઝલો–(દી. બ. કૃષ્ણલાલ ઝવેરી
સંપાદિત) જુદીજુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ૧–૦
કચ્છની લોકવાર્તા–હુંગરશી ધરમશી સંપટકૃત
કચ્છ દેશની રજપૂતયુગની ઘટનાઓ આલેખતો ગ્રંથ ૨–૦
સાહિત્યપ્રારંભિકા–લે૦ હિંમતલાલ ગ૦ અંજારિયા :
શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ખાસ. ઉપયોગી ૧–૦

ઉત્સાહ અને ચેતના પ્રેરતા ગ્રંથો

અંતરની વ્યથા–લે૦ 'સોપાન': હૃદયના ઊંડાણમાંથી
ભભૂકતી સાચી પાંચ જીવનકથાઓ ૧–૪
સુબોધકથાસાગર–બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૨–૦
આગળ ધસો–ચેતનાપ્રેરક મહાન ગ્રંથ (આવૃત્તિ ૩જી) ૨–૮
સુખી જીવનનાં સાધન–વ્યાવહારિક સુખ મેળવી
આનંદી જીવન ગાળવા ઉત્સાહ પ્રેરતું પુસ્તક ૧–૮
આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧,૨ : મહાપુરુષોનાં
ચરિત્રો પરથી ૮૧૯ બોધક દૃષ્ટાંતોનો સંગ્રહ ૪–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કતલખાનું–શ્રમજીવીઓનાં અનેકવિધ દુઃખોનો તાદૃશ ચિતાર રજૂ કરતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ૩–૦

શુભસંગ્રહ–(ભાગ ૨ ને ૯) ૨ ગ્રંથોમાં–ઘરગથ્થુ દવાઓ તથા ઉપયોગી માહિતીના ૩૧૩ લેખોનો સંગ્રહ ૫–૦

આરોગ્ય અને વૈદક

ખોરાકના ગુણદોષ–આયુર્વેદની દૃષ્ટિએ–લેખક : ડૉ. રસિકલાલ જે. પરીખ : રોજના ખોરાક માટે માર્ગદર્શન આપતું પુસ્તક ૦–૧૦

ઔષધિ–કલ્પલતા–જડ અને હઠીલા રોગો ઉપર ૪૩ વનસ્પતિઓના સેવન વિષે સમજૂતી... ... ... ૦–૧૨

આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ—અનેક વનસ્પતિઓના ગુણ–દોષ તથા તેમના ઉપયોગ, તેમ જ રોગો, તેમનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૬–૦

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–મ૦ ગાંધીજીકૃત : શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં વ૦ ૦–૮

વૈદક સંબંધી વિચારો–બે ભાગમાં, આરોગ્ય અને વૈદકના ઉપયોગી ૨૬૧ લેખોનો સંગ્રહ ૩–૧૨

આયુર્વેદ નિબંધમાળા–ભાગ ૧લો તથા ૨જો : વૈદ્ય તિલકચંદ તારાચંદકૃતઃ આયુર્વેદ પ્રમાણે અનેક રોગો, તેમનાં લક્ષણ, કારણો અને તેમના સચોટ ઉપચારો બતાવતા બે ગ્રંથો... ... ... ૪–૪

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને કાલબાદેવી રોડ, હાયી બીલ્ડિંગ, ત્રીજે માળે–**મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય એવું સાહિત્ય જૂજ કિંમતમાં આપવાના ઉદ્દેશથી આ શ્રેણી શરૂ કરવામાં આવી છે. સુખી ગૃહસ્થોની જેમ ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે સારાં પુસ્તકોની નાની શી લાયબ્રેરી ઘરમાં વસાવી શકે એવો આશય છે.

આ શ્રેણીમાં દર મહિને નવાં ઉપયોગી પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. હાલ (માર્ચ ૧૯૪૭ સુધીમાં) નીચે પ્રમાણે પુસ્તકો મળે છે:–

ધર્મ અને તત્ત્વજ્ઞાન

ગીતાસાર–લે. કાકા કાલેલકર: ગીતાનું સંક્ષિપ્ત દોહન ૦–૪

ગીતાપોથી–કર્મયોગના ૧૨૫ શ્લોકો અર્થ સાથે ... ૦–૬

ગીતાસંકલન–સં૦ રમણ મહર્ષિ : ૦–૩

પ્રેમપંથ–લે૦ ગાંધીજી ૦–૩

મણિરત્નમાળા–સરલ અર્થ સાથે ૦–૧૧

જ્ઞાન અને કર્મ–લેખક : સ્વામી અદ્વૈતાનંદ ૦–૩

પરમ પુરુષાર્થ–લેખક : ,, ,, ... ૦–૬

આર્ય, બુદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય } લે. પં. ખેચરદાસ દોશી ૦–૩

નારદનાં ભક્તિસૂત્રો–મૂળ શ્લોકો સરળ અર્થ સાથે... ૦–૩

જ્ઞાનનાં ઝરણાં–રજી આવૃત્તિ: લે૦ સ્વામી માધવતીર્થ ૦–૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમદ્ ભગવદ્ગીતા–૧૨મો તથા ૧૫મો અધ્યાય ... ૦–૩
રામકૃષ્ણવાર્તાલાપ–બોધક પ્રસંગો ૦–૬
શ્રીરામકૃષ્ણના ઉપદેશો–ટૂંકા અને સચોટ ઉપદેશો ૦–૫
વિચાર-સૂર્યોદય– ,, ,, ,, ... ૦–૩
કણ્ઠાભરણમ્–પ્રાર્થનામંત્રો–શ્લોકો (અર્થ સાથે) ૦–૩
ઉચ્ચ જીવન–લેખક : ડૉ. હરિપ્રસાદ વ્ર૦ દેસાઈ ... ૦–૩
ધ્યાન અને જ્ઞાન–લેખક : સ્વામી માધવતીર્થ ૦–૩
ઉત્તરગીતા–મૂળ શ્લોકો સાથે ૦–૬
મદાલસા અને અલર્ક–ચરિત્ર સાથે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ૦–૫

ચરિત્રો ને પ્રસંગ–ચિત્રો

સ્વામી રામતીર્થ–લે૦ પ્રફુલ્લ પ્રા. ઠાકોર
સંક્ષિપ્ત જીવનવૃત્તાંત કિશોરો માટે પ્રેરણાદાયી છે. ૦–૪
સતી સાવિત્રી–સત્યવાન ને સાવિત્રીની રોચક કથા .. ૦–૩
જેસલ અને તોરલ તથા **જલંધર ને ગોપીચંદ**–
લે૦ સ્વ૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ૦–૩
મેનાવતી ને ગોપીચંદ તથા **ભર્તૃહરિ ને વિક્રમ**–
લે૦ સ્વ૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ૦–૩
ભક્તરાજ હનુમાન–ટૂંકું ચરિત્ર ૦–૬
શ્રીમત્ શંકરાચાર્ય (સચિત્ર)–લે૦ પુરાતન બુચ ... ૦–૩
શ્રીતૈલંગસ્વામી, વિશુદ્ધાનંદ, પૌહારીબાબાનાં ચરિત્રો ૦–૪
બાળકોના વિવેકાનંદ–બાળોપયોગી ટૂંકું ચરિત્ર ... ૦–૪
ભગવાન બુદ્ધ (સચિત્ર)–લે૦ પુરાતન બુચ ૦–૪
અણજી બાપા–આદર્શ સંત ૦–૪
સંત કબીર–બોધદાયક ચરિત્ર–લે૦ પુરાતન બુચ ... ૦–૩
નાનભટ્ટ બાપા–(એક આદર્શ વૈદ્ય) ૦–૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તાઓ–નાટકો

ધાવણની ધાર ને બીજી વાતો–લે૦ ચુનીલાલ મડિયા ૦–૩
કાળમુખી ને બીજી વાતો–લેખક ,, ,, ૦–૩
સમ્રાટ શ્રેણિક અને દેવી નંદા—બે નાટિકાઓ ... ૦–૩
કેરીની મોસમ–લે૦ 'શયદા' : ૭ રસભરી વાર્તાઓ ૦–૫
અણોળો અને નવું રેલવે સ્ટેશન–ચુનીલાલ વ૦ શાહ ૦–૪
જીવનનો મર્મ–લે૦ 'સોપાન' ૦–૬
નવજવાન–લે૦ ,, ... ૦–૪
અહિંસાનું રહસ્ય–લે૦ ,, ... ૦–૪
એ વૃદ્ધ પુરુષ !–લે૦ ,, ... ૦–૪
આશાને અજવાળે–લે૦ ,, ... ૦–૪

કટાક્ષ

શ્રીમંતોનો સડો–લેખક : ઈશ્વર ઘોળકિયા ૦–૪
જયભારતી (કાવ્ય)–(શ્રી. 'શયદા'કૃત)
ભારતની ચડતી–પડતીનું દિગ્દર્શન ૦–૬

આરોગ્ય ને વૈદક

ચૂર્ણ–ઔષધિ–ઉપયોગી સો ચૂર્ણોની વિધિ ૦–૩
હરડે (સચિત્ર) શાસ્ત્રોક્ત ને અનુભવસિદ્ધ ઉપયોગ ... ૦–૬
કુલ રૂા. ૧૦–૧૫–૬

બધાં પુસ્તકો સાથે મંગાવનારે રૂા. ૧–૮–૬,
ટપાલખર્ચના વધુ મોકલવા.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ડે. ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. **ઇતિહાસને અજવાળે :** (સચિત્ર) લે૦ : ઇંદ્ર વસાવડા
★ ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા

૮. **ગૃહજીવનની કલા :** (સચિત્ર) લે૦ 'સમાજશાસ્ત્રી'
★ ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો

૯. **ગામડું બોલે છે :** (સચિત્ર) લે૦ શ્રી. ચુનીલાલ મડિયા
★ હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન

૧૦ **ગૃહજીવનનાં દશ્યો :** (સચિત્ર) લેખિકા : શ્રી. કુમુદ રોઠ
★ આપણાં ગૃહ–કુટુંબનાં સાચાં શબ્દચિત્રો

૧૧. **મારો ભારત દેશ :** (સચિત્ર) લે૦ કાન્તિલાલ પરીખ
★ ભારતવર્ષના સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય

૧૨. **આરોગ્યસાધના :** લે૦ કુંગરશી ધરમશી સંપટ
★ આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન

૧૩. **ભગવાનનાં છોરુ :** (સચિત્ર) લેખક : પુરાતન જુચ
★ હરિજનોના જીવન–પ્રસંગોનો હૂબહૂ ચિતાર

૧૪. **સાહસકથાઓ :** લે૦ રમણિક અરાલવાળા
★ લોકકલ્યાણ અર્થે સાહસ કરનાર વીરોની કથાઓ

૧૫. **ગુજરાતના સેવકો :** લે૦ ચન્દ્રકાન્ત શાહ
★ ગુજરાતના ૪ મૂક સેવકોનાં જીવનચરિત્રો

૧૬. **પટલાઈના પેચ ભા. ૧ લો :** લે૦ ઈશ્વર પેટલીકર
★ સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત

૧૭. **પટલાઈના પેચ ભા. ૨ જો :** લે૦ ઈશ્વર પેટલીકર
★ સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત

૧૮. **ગીતહોરી અને બીજાં નાટકો :** લે૦ સુરેશ ગાંધી
★ તખ્તાલાયકીવાળાં પાંચ ગીત–નાટકોનો સંગ્રહ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બૉક્સ નં. ૫૦, **અમદાવાદ**
કાલબાદેવી, હાથી બિલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮૭૪ / ૧૯૪૨

છેલ્લી અર્ધી સદીમાં મહાગુજરાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી અને ભિક્ષુ અખંડાનંદ—એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરી ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા ભિક્ષુ અખંડાનંદે જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટી, સર્વ રીતે શુદ્ધ કરી, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેમની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરે-ઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંત પુરુષે ' कथयन्तो मां नित्यम् ' એ ગીતા-સૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે અંક કાર્ય તેમની પાછળ ચાલુ રહે, તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે; અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા ભિક્ષુ અખંડાનંદનું સ્થાન ગુજરાતના ગૌરવમાં—હિંદના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ ને મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar